સુવિચાર
''કાંડે ઘડિયાળ બાંધી શકાય છે, સમય નહી.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૭/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ જેઠ વદ-૭ વર્ષ : ૧૭ અંક : ૧૭૪

## અમુક વિસ્તારોમાં વરસાદ આફતરૂપ બન્યો તો અનેક વિસ્તારોમાં ખૂશીનો માહોલ

# અમરેલી જિલ્લામાં વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

**થોડા દિવસો પહેલા ખેડૂતો સહિત કોઈ ઉપર ચિંતાનાં વાદળો જોવા મળતા હતા તે દૂર થયા અને ખૂશીનો માહોલ છવાયો**

**કુંકાવાવ, લાઠી, બાબરા સહિતનાં વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ પડતાં નુકસાનીની કોઈ ઘટના સામે આવી નથી**

**સાવરકુંડલા, ખાંભા, રાજુલા, ધારી પંથકમાં ભારે વરસાદથી નુકસાની થયાનું બહાર આવેલ**

**છેલ્લા ૪૮ કલાકથી પડતા વરસાદથી સાવરકુંડલા પંથકની નાવલી નદીમાં પૂનઃ પુર આવ્યું**






અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં આજે સોમવારે ફરી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ધોધમાર તેમજ ધીમીધારે વરસાદ વરસ્યો હતો. દામનગર, સાવરકુંડલા, લાઠી, લીલીયા અને કુંકાવાવ પંથકમાં વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી, જયારે સારા વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

લાઠી તાલુકાના દામનગર શહેરમાં આજે બે દિવસના વિરામ બાદ બપોરે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ધોધમાર વરસાદ શરૂ થતાં શહેરના મુખ્ય માર્ગો પર વરસાદી પાણી નદી માફક વહેવા લાગ્યા હતા. અનેક વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

લાઠી અને લીલીયા પંથકમાં પણ સારા વરસાદના સમાચાર મળ્યા છે. લીલીયા તાલુકાના એકલેરા, ગુંદરણ સહિતના ગામોમાં સારો વરસાદ નોંધાયો હતો, જયારે લાઠી તાલુકાના ઈંગોરાળા, હાવતડ સહિતના ગામોમાં પણ વરસાદ વરસતાં ખેતી માટે અનુકૂળ માહોલ સર્જાયો હતો. વરસાદથી ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી હતી.

જયારે જિલ્લાના કુંકાવાવ પંથકમાં પણ ધીમીધારે વરસાદ શરૂ થતાં અમરાપુર, બરવાળા બાવીસી સહિતના ગામોમાં ઠંડક પ્રસરી હતી. લાંબા સમયથી બફારાથી પરેશાન લોકોને વરસાદથી રાહત મળી હતી.

બીજી તરફ સાવરકુંડલાપંથકમાં આશરે ૧૨ કલાકના વિરામ બાદ ફરી મેઘરાજાએ આગમન કર્યુ હતું. શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતાં શહેરના અનેક માર્ગો પાણીથી

અનુસંધાન પાના ૬ ઉપર


## જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારમાં મેઘાનો મુકામ

# અમરેલીમાં સમી સાંજે પૂનઃ વરસાદ : બાબરા, લાઠી, સાવરકુંડલામાં પણ દે ધનાધન વરસાદ

**જિલ્લામાં સૌથી વધુ વરસાદ સાવરકુંડલા પંથકમાં**

અમરેલી, તા. ૬

અમરેલી શહેર સહિત આજુબાજુના વિસ્તારોમાં સાંજના સમયે અનરાધાર ગાજવીજ સાથે વરસાદ શરૂ થતા શહેરના મુખ્ય માર્ગો તથા સોસાયટી વિસ્તારના માર્ગો ઉપર નદીઓ બની ગયા હતા. શહેરના તથા નિંચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.



અમરેલી તથા આજુબાજુના વિસ્તારોમાં ગઈકાલે વરસાદ વરસી ગયા બાદ ગઈકાલે રાત્રીથી અમરેલી પંથકમાં મેઘાએ વિરામ લીધો હતો.

આજે સવારથી જ અમરેલીમાં તડકો નીકળતા લોકોએ રાહતનો દમ લીધો હતો. પરંતુ આખો દિવસ ભારે બફારો થતા લોકો ફરી

અનુસંધાન પાના ૬ ઉપર

सुश्रुत
આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
➡ ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો ➡ માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
➡ તમામ પ્રકારના વાં (દુઃખાવા), સ્ત્રીરોગ ➡ વર્ષોમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. અંકિત માકડિયા — ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ હિપેટોલોજીસ્ટ — પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત — તા. ૦૯/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૮:૩૦ થી ૧૨
ડો. અલ્પેશ કિકાણી — હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ — લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત — તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૫:૩૦
ડો. આકાશ માકડીયા — પેડિયાટ્રિક ઓર્થો સર્જન — બાળકોના હાડકાના રોગોના નિષ્ણાંત — તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૬
ડો. જીગર પટેલ — પીડીયાટ્રીક સર્જન — નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન — તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬
ડો. મનિષ પકણી — ન્યુરો ફીજીશ્યન — મગજના રોગોના નિષ્ણાંત — તા. ૧૧/૦૭/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

સહકારી ક્ષેત્રનાં રાષ્ટ્રીય અગ્રણી, અમારી સંસ્થાનાં સ્થાપક ચેરમેન માન. શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબને
અંત : કરણપૂર્વક શુભકામનાઓ.....
IFFCO ના ચેરમેન, સહકારી શિરોમણી માન. શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ ની જર્મની સ્થિત International Raiffeisen Union (આંતરરાષ્ટ્રીય સહકારી સંગઠન) ના બોર્ડ ઓફ ડિરેકટર્સ તરીકે પસંદગી થતા
શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબે અમરેલી (અમરવલી)નું નામ ઈન્ટરનેશનલ લેવલે ગૌરવવંતુ કર્યુ છે જે બદલ સાહેબશ્રીને ખુબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ...
લકઝમબર્ગમાં યોજાયેલી ચૂંટણીમાં તેમની આ મહત્વપૂર્ણ સિધ્ધી ભારતીય સહકારી જગતની વૈશ્વિક ઓળખ અને વધતા પ્રભાવનું પ્રતિક છે....
:શુભેચ્છક:
અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. ''અમર ડેરી''
ડો. આર. એસ. પટેલ — મેનેજીંગ ડિરેકટરશ્રી
શ્રી મુકેશ સંઘાણી — વાઈસ ચેરમેનશ્રી
શ્રી અશ્વિન સાવલીયા — ચેરમેનશ્રી
Amul The Taste of India
તથા તમામ બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ

## ભારે વરસાદથી ઠેકઠેકાણે વિવિધ સમસ્યાઓ ઉભી થઈ

# સાવરકુંડલા–લીલીયામાં અસરગ્રસ્તોની મદદે ધારાસભ્ય કસવાલા

**અસરગ્રસ્તોની વ્હારે જઈને જરૂરી તમામ મદદ કરીને ખરા અર્થમાં જનસેવક બન્યા**

**સમગ્ર વહીવટીતંત્રને દોડતું કરીને બનતી તમામ પ્રકારની મદદ કરતાં જોવા મળ્યા**

**જનપ્રતિનિધિ કેવા હોવા જોઈએ અને કઈ રીતે જનતાની મદદ કરી શકાય તે માટે પ્રરણાદાયી બન્યા**

**અસરગ્રસ્ત નાગરિકોને હિંમત, હુંફ આપીને જરૂરિયાત અંગે માહિતી મેળવી**








સાવરકુંડલા, તા. ૬

અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત વિસ્તારોની વાસ્તવિક સ્થિતિનો તાગ મેળવવા સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આજે ગ્રાઉન્ડ પર પહોંચી અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી.

ધારાસભ્યએ સાવરકુંડલા તાલુકાના ભુવા, જુના સાવર, સીમરણ, ખડકાળા, બોરાળા, જીરા તેમજ લીલીયા તાલુકાના આંબા સહિતના ગામોમાં જઈ વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિનું સ્થળ પર નિરીક્ષણ કર્યુ. આ દરમિયાન તેમણે સ્થાનિક ગ્રામજનો સાથે રૂબરૂ વાતચીત કરીને તેમની મુશ્કેલીઓ, નુકસાન તથા જરૂરીયાતોની માહિતી મેળવી.

આ મુલાકાત દરમિયાન ધારાસભ્યએ સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે સ્થળ પર જ ચર્ચા કરીને વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી વધુ અસરકારક રીતે હાથ ધરવા, માર્ગ વ્યવસ્થા પુનઃ સ્થાપિત કરવા, વીજ પુરવઠો અને પીવાના પાણી સહિતની આવશ્યક સેવાઓ ઝડપથી શરૂ કરવા તેમજ અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક જરૂરી સહાય પહોંચાડવા માટે જરૂરી સુચનાઓ આપી.

ધારાસભ્યએ જણાવ્યું કે, રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર ધ્વારા અસરગ્રસ્ત નાગરિકોને ઝડપથી રાહત મળે તે માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે અને કોઈપણ જરૂરિયાત ઉભી થશે તો તંત્ર તાત્કાલિક પ્રતિસાદ આપશે.

આ મુલાકાતો દરમિયાન સરકારના અધિકારીઓ, પદાધિકારીઓ, વિસ્તારના આગેવાનો, સરપંચો સહિત હાજર રહ્યા હતા.

---

### એસીપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## અમરેલીમાં વિદેશી દારૂની હેરફેર કરતાં ૨ વ્યકિતઓની ર.૯૧નાં મુદ્દામાલ સાથે અટકાયત

**અન્ય 3 વ્યકિતઓ અંગે પણ તપાસ શરૂ કરાઈ**

અમરેલી, તા. ૬



અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાંથી દારૂની બદી દુર કરવા દેશી –વિદેશી દારૂના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી અને રેઈડ કરવા સુચના આપેલ છે.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમ સીટી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીના આધારે દરોડો પાડી આ દરમિયાન અમરેલી, સરદાર ચોકમાંથી અમરેલીના સરદારનગર, શેરી નં.૨, રેલ્વે ફાટક પાસે રહેતા ઈન્દ્ર ઉર્ફે રામકુભાઈ ભનુભાઈ ઉર્ફે વલકુભાઈ વાળા તથા ચક્કરગઢ રોડ, અમૃતનગર, શેરી નં.૨, માં રહેતા સુરજભાઈ દિનેશભાઈ ઉર્ફે દીલુભાઈ વાળા નામના બે ઈસમોને ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૮૦ એમ.એલ.ની કુલ બોટલ નંગ ૧૦૭ કિંમત રૂપિયા ૧૧,૬૮૮, રોકડા રૂપિયા ૨૪,૮૦૦, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ ૨ કિંમત રૂપિયા ૫૫,૦૦૦, એક ગ્રે કલરનું મોટર સાયકલ નંબર પ્લેટ વગરનું કિંમત રૂપિયા ૫૦,૦૦૦ તથા બીજુ ગ્રે કલરનું મોટર સાયકલ નંબર પ્લેટ વગરનું કિંમત રૂપિયા ૫૦,૦૦૦ તથા ત્રીજું કાળા કલરનું મોટર સાયકલ નંબર જી.જે. ૨૭.ડી.આર ૯૧૧૯ કિંમત રૂપિયા ૫૦,૦૦૦, એક સફેદ ગ્રે કલરનું એકટીવા પજી મોટર સાયકલ નંબર ગજ.૧૪.એઆર.૪૪૧૬ કિંમત રૂપિયા ૫૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૨,૯૧,૪૮૮ ના મુદ્દામાલ મોટર સાયકલમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલોની હેરફેર કરતા ઝડપી લઈ, પકડાયેલ આરોપીઓ તથા સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ પ્રોહીબિશન ધારા તળે કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

જયારે વિશાલ નરેશભાઈ ગંગાજળીયા, ભનુભાઈ ઉર્ફે વલકુભાઈ વાળા તથા વિરકુભાઈ દિનેશભાઈ વાળાની શોધખોળ આદરી છે.

---

## ગાવડકા ગામના ઈસમની પાસા હેઠળ અટકાયત

અમરેલી, તા. ૬



અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ શરીર સંબંધી તથા મિલકત સંબંધી તથા પ્રોહિબીશન ગુનાઓને લગતી અસામાજીક પ્રવૃતિઓમાં સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત કરી તેઓને પાસા હેઠળ અટકાયત કરી જેલમાં મોકલી આપવા માટે સુચના આપવામાં આવેલ હોય.

અમરેલી સીટી પોલિસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એમ.એમ. ઝાલાએ તાલુકાના ગાવડકા ગામે રહેતા સાહિલ અમીનભાઈ સુમરાને શરીર સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ હોય. તેથી તે ઈસમ વિરૂધ્ધ પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી જે પોલીસ અધિક્ષક અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલીનાઓ તરફ મોકલી આપવામાં આવેલ હતી.

જે અન્વયે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે અમરેલીના ગાવડકા ગામે રહેતા સાહિલ અમીનભાઈ સુમરા નામના ઈસમ વિરૂધ્ધ કરવામાં આવેલ દરખાસ્ત માન્ય રાખતા અમરેલી એલ.સી.બી. પોલીસે પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલ છે.

---

### સમગ્ર પંથકને મેઘરાજાએ ધમરોળી નાખ્યો

## ખાંભા–પીપળવા માર્ગ ઉપરનાં પુલની એક સાઈડ ધોવાઈ જતાં ખેડૂતો સહિત સૌ કોઈ પરેશાન

**વહીવટીતંત્ર યુધ્ધનાં ધોરણે પુલની મરામત કરે તેવી માંગ**




તસ્વીર : રાજુ વાળા–ખાંભા

ખાંભા, તા. ૬

ખાંભા પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે અનેક રોડ– રસ્તાઓને નુકસાન પહોંચ્યું છે. ખાંભાથી પીપળવા જતા માર્ગ પર આવેલા પુલની એક બાજુ મોટા પ્રમાણમાં ધોવાઈ જતાં વાહનચાલકો , ખેડૂતો અને સ્થાનિક રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પુલની એક બાજુ ધોવાઈ જતાં અવરજવર જોખમી બની છે. ખેડૂતોને પોતાના ખેતરો સુધી પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે, જયારે રોજિંદા અવરજવર કરતા રાહદારીઓ પણ જોખમ વચ્ચે પસાર થવા મજબૂર બન્યા છે. સ્થાનિક લોકો અને ખેડૂતો દ્વારા સંબંધિત તંત્ર સમક્ષ પુલનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલાં જ જરૂરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી પુલને વહેલી તકે ઉપયોગ લાયક બનાવવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

---

## રાજુલા : જુના દેવકા ગામે મકાનની ઓસરીમાંથી સોનાની બુટ્ટીની ચોરી

અમરેલી, તા. ૬


રાજુલા તાલુકાના જુના દેવકા ગામે રહેતા જીવણીબેન કાનાભાઈ વાવડીયા નામની ૫૦ વર્ષિય મહિલાની દિકરી રીનુબેન ગત તા. ૪ના રોજ સવારે ૯ વાગ્યે પોતાના ઘરે નાહવા ગયેલ હોય અને તેમણે તેના કાનમાં પહેરેલ સોનાની બુટ્ટી એક જોડી જેનો વજન આશરે (અડધો તોલા) પાંચ ગ્રામ જેટલી જેની કિંમત રૂપિયા ૭૦,૦૦૦ની ઓંસરીના પડથારે પાળીએ મુકીને નાહવા ગયેલ હોય. તે વખતે એક અજાણી મહિલા માંગવા માટે આવેલ હતી. અને આ અજાણી મહિલા વરસમાં ઘણી વખત માંગવા આવતા હોય જેથી આ મહિલા રીનુબેનની સોનાની બુટ્ટી એક જોડીની ચોરી કરીને જતા રહેલ હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### જવલ્લે જ બનતી ઘટનાનો વિડીયો વાયરલ

## હદ થઈ : સિંહણે એક માલધારીને ૩૦ મિનિટ સુધી જકડી રાખ્યા

**જો કે સિંહણનાં પંજામાંથી માલધારી હેમખેમ છુટી ગયા**




અમરેલી, તા. ૬

આમ તો સિંહ ૧૦ફૂટ જોવા મળે તો પણ ભલભલાને પરસેવો છુટી જતો હોય છે. પરંતુ, પાલિતાણા વિસ્તારમાં એક અજીબો ગરીબ ઘટના બની હતી. જેમાં એક માલધારી સિંહણનાં પંજામાંથી અંદાજિત ૩૦ મિનિટ સુધી ફસાયેલા રહ્યા બાદ હેમખેમ છુટી ગયા હતા.

સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ વિડીયો પરથી જાણવા મળ્યુ કે પાલિતાણાનાં વિસ્તારમાં એક સિંહણે માલધારીને પછાડીને તેને પંજામાં ૩૦ મિનિટ સુધી જકડી રાખ્યો હતો. જો કે માલધારી સિંહણથી ડરવાને બદલે તેમણે મોતનાં માહોલ વચ્ચે હિંમત રાખીને સિંહણને હાથથી પંપાળવાનું શરૂ રાખેલ અને બાદમાં સિંહણે તેમને સહી–સલામત છોડી દીધાની ઘટનાએ ચકચાર જગાવી છે.

## જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે બચાવ કામગીરી તેમજ વ્યવસ્થાપન અંગેની માહિતી આપી

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદ બાદ વહીવટીતંત્ર એક્શન મોડમાં

### વિવિધ તાલુકામાંથી ૩૮૦ જેટલા નાગરિકોને સલામત સ્થળે ખસેડી ભોજન સહિતની વ્યવસ્થા કરાઈ

### પીજીવીસીએલનાં ૩૫૯ વીજ ફીડર પૈકીનાં ૨૪૮ ફીડર કાર્યરત કરી દેવામાં આવ્યા

### માર્ગ-મકાન વિભાગ દ્વારા બંધ માર્ગોને પૂર્વવત કરવામાં આવી રહ્યા છે

### જિલ્લામાં સૌથી વધુ ૨૭૪ મી.મી. વરસાદ રાજુલા, ધારીમાં ૨૩૪ મી.મી. વરસાદ પડયો

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં પડેલા ભારે વરસાદ બાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રાહત, બચાવ અને સ્થળાંતરની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. હાલ સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી હોવાનું જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લામાં તા. ૫ જુલાઈના રોજ નોંધાયેલા વરસાદ મુજબ રાજુલામાં સૌથી વધુ ૨૭૪ મી.મી., ધારીમાં ૨૩૪ મી.મી., સાવરકુંડલામાં ૧૮૨ મી.મી., જાફરાબાદમાં ૧૨૫ મી.મી., ખાંભામાં ૧૭૩ મી.મી., બગસરામાં ૧૦૯ મી.મી. અને લીલીયામાં ૧૦૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદને પગલે લીલીયા તાલુકાના બવાડી ગામેથી ૮ લોકો, ધારી તાલુકાના મીઠાપુર ડુંગરી અને ચલાલા ગામેથી ૮થી ૧૦ લોકો તેમજ કથીવદર ગામેથી લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ઉપરાંત સાવરકુંડલા તાલુકાના જૂના સાવર ગામે લીલીયા રોડ પરથી એક વ્યકિતનું રેસ્કયુ કરવામાં આવ્યું હતું.

એનડીઆરએફ, ફાયર વિભાગ અને સ્થાનિક લોકોના સહયોગથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રેસ્કયુ કામગીરી કરવામાં આવી હતી.



રાજુલાના વિકટર ગામેથી ૨૫ લોકો, સાવરકુંડલા તાલુકામાંથી ૨૧૫, જાફરાબાદ તાલુકાના ધારાબંદર ગામેથી ૪૦ લોકો અને ધારી તાલુકાના ચલાલા ગામેથી અંદાજે ૧૦૦ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સ્થળાંતર કરાયેલા લોકોને પ્રાથમિક શાળાઓમાં આશ્રય આપવામાં આવ્યો છે તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ભોજન સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) હેઠળ કુલ ૬ રસ્તા બંધ છે, જેમાંથી ૩ રસ્તા ઓવરટોપિંગ અને ૩ ડાયવર્ઝન માર્ગનો સમાવેશ થાય છે. માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હેઠળ કુલ ૧૮ રસ્તા બંધ છે, જેમાંથી ૧૬ રસ્તા ઓવરટોપિંગ અને ૨ ડાયવર્ઝન માર્ગનો સમાવેશ થાય છે. નેશનલ હાઈવે પર અમરેલી-સાવરકુંડલા માર્ગ ધોવાઈ જતાં રિપેરિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ તમામ બંધ માર્ગો આજે સાંજ સુધીમાં શરૂ થઈ જશે.

ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત થયેલા ૩૫૯ વીજ ફીડરમાંથી ૨૪૮ ફીડર ફરી કાર્યરત કરવામાં આવ્યા છે. બાકી રહેલા ૧૧૧ ફીડરને કાર્યરત કરવાની કામગીરી પ્રગતિમાં છે.

જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે નાગરિકોને નદી, કોઝવે અને નીચાણવાળા વિસ્તારોમાં અવરજવર ટાળવા, વહીવટીતંત્રની સૂચનાઓનું પાલન કરવા અને જરૂર જણાય ત્યારે જ બહાર નીકળવાની અપીલ કરી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં હવામાન વિભાગના રેડ એલર્ટને પગલે તંત્ર દ્વારા ટીમ તૈયાર રાખવામાં આવી છે અને કોઈપણ પ્રકારની પરિસ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર સજ્જ છે.

---

### ગ્રામીણ ફાયનાન્સની લોનની ઉઘરાણી કરતા

# લાઠીનાં મેમદા ગામે મહિલા ઉપર ૪ વ્યકિતઓએ હુમલો કરતા ફરિયાદ

### આરોપીઓએ મારી નાખવાની ધમકી આપી

અમરેલી, તા. ૬

લાઠી તાલુકાના મેમદા ગામે આવેલ ભુરખીયા ગામ તરફ જવાના કાચા રસ્તે રહેતા નીતાબેન કુરજીભાઈ ખેર નામના ૩૬ વર્ષીય ખેડૂત મહિલા પોતાના ગામમાં એક ગ્રુપ બનાવી ગ્રામીણ ફાઈનાન્સ બેન્કમા લોન ઉપાડેલ હતી. જેમા આ મહિલા ગ્રુપના મુખ્ય વ્યકિત લીડર તરીકે કામ કરતા હોય ત્યારે તે જ ગામે રહેતા આરોપી પીન્ટુભાઈ ભરતભાઈ ખેરના પત્નિ ઉર્મીલાબેન પણ ગ્રુપમા હોય, અને તેમણે પણ લોન લીધેલ હતી. અને આ લોનના બે-ત્રણ હપ્તા ભરેલ ન હોવાથી ગુપના મુખ્ય વ્યકિત તરીકે નીતાબેને આ લોનના હપ્તા ભરવાનુ ઉર્મીલાબેનને કહેતા આરોપીઓને સારૂ નહિ લાગતા ગત તા.૩૦ ના રોજ સાંજના સાડા સાતેક વાગ્યે મેમદા ગામે રહેતા આરોપી વિજયભાઈ ભરતભાઈ ખેર, પીન્ટુભાઈ ભરતભાઈ ખેર, જેઠાભાઈ ભલાભાઈ ખેર તથા કોમલબેન અજયભાઈ ખેર સહીત ચારેય નીતાબેનના ઘરે આવી ઢીકાપાટુનો માર મારી જેમફાવે તેમ ગાળો આપી ધકો મારી નીચે પછાડી દઈ પગના ભાગે મુંઢ ઈજા કરી તેમજ તેણીના પતિને જેમફાવે તે ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### અવારનવાર માર્ગની રજુઆત બાદ તંત્ર નિષ્ક્રીય રહ્યા બાદ

# બાબરાનાં ઘુઘરાળા ગામે વરસાદથી અનેક માર્ગોની હાલત ખરાબ થઈ જતાં વાહનચાલકો પરેશાન

### જવાબદાર વિભાગ યુધ્ધનાં ધોરણે માર્ગની મરામત કરે તેવી માંગ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૬

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામમાં તાજેતરમાં પડેલા વરસાદ બાદ ગામના મુખ્ય તેમજ આંતરિક રસ્તાઓની હાલત અત્યંત ખરાબ બની ગઈ છે. ઠેર-ઠેર કાદવ, ખાડાઓ અને વરસાદી પાણી ભરાઈ જતાં ગામલોકો માટે રોજિંદી અવરજવર મુશ્કેલ બની ગઈ છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, મહિલાઓ, વૃદ્ધો અને દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ રસ્તાઓની દયનીય સ્થિતિ અંગે અનેક વખત સંબંધિત વિભાગ અને સ્થાનિક તંત્ર સમક્ષ લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. પરિણામે ગ્રામજનોમાં ભારે રોષ અને નિરાશાની લાગણી વ્યાપી છે.

ગામના લોકોનું કહેવું છે કે વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાના કારણે રસ્તાઓ વધુ બિસ્માર બન્યા છે. વાહનચાલકોને પણ અકસ્માતનો ભય સતાવી રહ્યો છે, જ્યારે રાહદારીઓ માટે પગપાળા પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે.

ગ્રામજનોએ જવાબદાર તંત્રને તાત્કાલિક સ્થળ મુલાકાત લઈ રસ્તાઓનું યુધ્ધના ધોરણે સમારકામ કરાવવા તેમજ વરસાદી પાણીના કાયમી નિકાલ માટે યોગ્ય આયોજન કરવાની માંગ કરી છે. જો આગામી દિવસોમાં પણ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો ગ્રામજનો લોકશાહી ઢબે ઉગ્ર આંદોલન અને વિરોધ કાર્યક્રમો હાથ ધરવા મજબૂર બનશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદોસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com
















### તાલુકા ભાજપ પ્રમુખની ધારાસભ્યને રજુઆત

# લીલીયા પંથકમાં ભારે વરસાદથી વ્યાપક પ્રમાણમાં નુકશાન : સહાય કરો

## ખેતી વાડી વિસ્તારમાં બહુ મોટુ નુકશાન



અમરેલી, તા.૬

લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીજ્ઞેશભાઈ સાવજે ધારાસભ્ય મહેશ કસવાલાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકામાં તેમજ ઉપર વાસમાં ધારી, ચલાલા વગેરે વિસ્તારમાં ખુબ વરસાદ પડેલ હતો. તેમજ ઉપરવાસનાં વિસ્તારનું બધુ જ પાણી લીલીયા તાલુકાના ગામડામાંથી પસાર થાય છે. અને સાથે સાથે લીલીયા વિસ્તારમાં પણ ખુબ જ વરસાદ હોવાથી સ્થાનિક નંદીઓમાં પણ ખુબ જ પાણી હતું લીલીયા તાલુકાના આંબા ગામે ૪ (ચાર) નદીઓ શેત્રુજી નંદીમાં ભળે છે. જેથી કે કુંભારીયા, ભાંભળી, શેલ અને ખારી ઉપરોકત નંદીઓમાં પાણી વધારે હતું. અને તેમાં શેત્રુજી નંદીનું પાણી પણ છોડવામાં આવતા લીલીયા તાલુકાના આંબા ગામથી પાણી શેત્રુજી નંદીના કાંઠે આવેલ ખેતરાવ જમીનમાં મોટા પ્રમાણમાં પસરી ગયું હતું. જેના કારણે, ખેતીવાડીમાં વ્યાપક પ્રમાણમાં નુકશાની થયેલ છે. જે ગામો આંબા, ભેસવડી, લોકા, લોહી, શેઢાવદર, ક્રાંકચ, બવાડી, બવાડા અને ઈંગોરાળા જે લીલીયા તાલુકાના ગામડા છે. તેમાં પાણી ફરી વળ્યા હતા. અને ખેડૂતોના પાકને તેમજ જમીન વ્યાપક પ્રમાણ નુકશાન થયેલ છે.

જેથી તાત્કાલિક સર્વે કરી ખેડૂતોને સરકારની હાર યોગ્ય સહાય ચુકવવામાં આવે સરકારમાં રજુઆત કરી ખેડૂતોને સહાયરૂપ બની અને સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં નિર્ણય લેવામાં આવે એવી માંગ અંતમાં કરેલ છે.

## દામનગરમાં બેદરકારી દર્શાવતું સ્કૂલ બોર્ડ



દામનગરમાં ઝળુબતું મોત! એક સ્કૂલનું બોર્ડ નમેલી હાલતમાં, અકસ્માત થશે તો...? આ તસ્વીર પરથી જોઈ શકાય છે કે બેદરકારી કયારેક કોઈનો ભોગ લઈ શકે, સરદાર સર્કલ નજીક એક હાઈસ્કૂલનું દિશા સૂચક બોર્ડ નમેલી હાલતમાં હોય ગંભીર અકસ્માત થઈ શકે તેમ હોય બોર્ડને સીધું કરવામાં તંત્ર મુહૂર્ત જોશે...!!?

### જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતની રજુઆત

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદમાં અસરગ્રસ્ત થયેલ નાગરિકોને સહાય કરો

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા અતિભારે વરસાદને કારણે સ્થાનિક લોકો અને ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. પૂર જેવા માહોલને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક નુકસાન થયું છે, લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે, જેને લીધે અનાજ, કપડાં અને અન્ય ઘરવખરી સંપૂર્ણપણે નાશ પામી છે. ઘણા કાચા મકાનોને પણ વ્યાપક નુકસાન થયું છે. આ પરિસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારો તાત્કાલિક ધોરણે 'કેશડોલ ચૂકવવામાં આવે.

તેમજ ખેતરોમાં વરસાદ તેમજ નદી ના પુષ્કળ પાણી ભરાઈ જવાના કારણે ખેતરોના પાળા તૂટી ગયા છે અને જમીનનું ધોવાણ થતાં ખેતરો સાફ થઈ ગયા છે. ખેડૂતોએ મોંઘા ભાવના વાવેલા બિયારણ અને ખાતર સંપૂર્ણપણે નષ્ટ પામ્યા છે.

સરકાર દ્વારા અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે સર્વે કરાવવામાં આવે અને પીડિત લોકોને મકાન/ઘરવખરીનું કેશડોલ તેમજ ખેડૂતોના ખેતરો ધોવાણનું વળતર ચુકવવામાં આવે. તેમ અંતમાં માંગ કરેલ છે.

### તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન માંડણકાની રજુઆત

# અમરેલી તાલુકાનાં ૨૦ ઉપરાંતનાં ગામોમાં ભારે વરસાદથી નુકસાની

## અસરગ્રસ્તોને જરૂરી સહાય પહોંચાડવા માંગ

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકા પંચાયતનાં પ્રમુખ ગીતાબેનજ માંડણકાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાના વિવિધ ગામડાઓમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે ખેડૂતોના પાક રસ્તાઓ તેમજ ખખેતીની જમીન અને અન્ય જાહેર અને ખાનગી મિલકતોને નોંધપાત્ર નુકસાન થયું છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાવા, પાક નિષ્ફળ જવા તથા જનજીવનને અસર થવાના બનાવો સામે આવ્યા છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંબંધિત વિભાગના અધિકારીઓની ટીમ દ્વારા તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોનો સ્થળ પર સર્વે કરાવવામાં આવે તેમજ થયેલ નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરી સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ ખેડૂતો અને અન્ય અસરગ્રસ્ત પરિવારોને વહેલી તકે આર્થિક સહાય તથા જલ્દી રાહત ઉપલબા કરાવવામાં આવે.

આ ઉપરાંત જયાં જરૂરી હોય ત્યાં રસ્તાઓ, પાણીની વ્યવસ્થા અને અન્ય જાહેર સુવિધાઓની પણ તાત્કાલિક મામત કરાવવા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેમ અંતમાં જણાવેલ છે.

### વરસાદી મહોલ વચ્ચે મદદે દોડી ગયા

# સા.કુંડલાના નગરસેવકે વીજ વાયર દુર કરી વાહન વ્યવહાર શરૂ કરાવ્યો

## વાહન ચાલકોએ આભાર વ્યકત કર્યો



સાવરકુંડલા, તા.૬

અમરેલી – સાવરકુંડલા હાઈવે પર આવેલ લાપાળીયા રોડ નજીક એક અચાનક સર્જાયેલી કટોકટીમાં સાવરકુંડલા નગરપાલિકાના કોંગ્રેસના નગરસેવક નાસીર ચૌહાણે પોતાની આગવી સૂઝબૂઝ અને હિંમતથી મોટો અનર્થ ટાળીને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડયું છે.મળતી વિગતો મુજબ, લાપાળીયા રોડ વચ્ચેથી પસાર થતો એક મુખ્ય વીજ વાયર અચાનક નીચે નમી ગયો હતો. રસ્તાની વચ્ચોવચ લટકતા આ લાઈવ વીજ વાયરના કારણે હાઈવે પર બંને બાજુ વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી અને મુસાફરો ભારે અટવાયા હતા. કોઈ મોટો અકસ્માત ન સર્જાય તે માટે વાહનચાલકો પણ આગળ વધતા ડરી રહ્યા હતા.

આ ઘટનાની જાણ થતાં જ તેમા તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. તંત્રની રાહ જોયા વિના, તેમણે સમયસૂચકતા વાપરીને સ્થળ પર જ એક દેશી જુગાડ કર્યો હતો.પોતાની જાનના જોખમે તેમણે લાકડાના લાંબા ડંડાનો સહારો લઈ, નમી ગયેલા વીજ વાયરને સુરક્ષિત રીતે ઊંચો પકડી રાખ્યો હતો.નગરસેવકે પોતે રસ્તા પર ઊભા રહી વાયર ઊંચા કરી આપતાં, અટકેલા તમામ વાહનો અને મુસાફરો ત્યાંથી સુરક્ષિત રીતે પસાર થઈ શકયા હતા. આમ ધોમધખતા તાપમાં કે ભર ચોમાસામાં અને મુશ્કેલ સ્થિતિમાં પણ જનતાની સેવા કાજે રસ્તા પર ઉતરી આવી શકે એ જ ખરા જનપ્રતિનિધિ નગરસેવકની આ કામગીરી જોઈને મુસાફરો અને સ્થાનિક વાહનચાલકોએ આભાર માની તેમની આ કામગીરીને બિરદાવી હતી.

આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે જનસેવા અને લોક ઉપયોગી કાર્યો કરવા માટે માત્ર સત્તા પૂરતી નથી, પરંતુ કોઈક વાર સંકટના સમયે પ્રજાની પડખે ઊભા રહેવા માટે જિગર અને સાચી દાનત હોવી પણ એટલી જ જરૂરી છે. નગરસેવકના આ કાર્યની અત્યારે સમગ્ર પંથકમાં ભારે પ્રશંસા થઈ રહી છે.

# લીલીયામોટા સરકારી વિનયન અને વાણિજય કોલેજ,ખાતે એન.સી.સી. ઓરિએન્ટેશન અને સિલેકશન કાર્યક્રમ સંપન્ન



લીલીયા, તા. ૬

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, લીલીયા ખાતે વર્ષ ૨૦૨૬ના શૈક્ષણિક સત્ર માટે નવા વિદ્યાર્થીઓને એન.સી.સી.માં જોડવા હેતુસર એક ભવ્ય 'ઓરિએન્ટેશન અને સિલેકશન' કાર્યક્રમનું આયોજન તા. ૬/૭/૨૦૨૬ને સોમવારના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો.રાજેન્દ્રસિંહ એ. રાઠોડના માર્ગદર્શન અને સીધા નેતૃત્વ હેઠળ યોજવામાં આવ્યો હતો.

આ સંપૂર્ણ કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર અને એમ.સી.સી. ઓફિસર ડો. મહેશ એસ. ગઢીયા દ્વારા કરવામાં આવ્યું હતું.આ સિલેકશન પ્રક્રિયા પારદર્શક અને લશ્કરી ધોરણો મુજબ થાય તે માટે ૬ ગુજરાત બટાલિયન એન.સી.સી., ભાવનગરના પી.આઈ. આરીફ ખાન વિશેષ રૂપે કોલેજ ખાતે પધાર્યા હતા.

ગ્રાઉન્ડ પર પી.આઈ. આરીફ ખાન દ્વારા વિદ્યાર્થીઓની શારીરિક સજ્જતા ચકાસવા માટે વિવિધ ફિઝિકલ ટેસ્ટ લેવામાં આવી હતી. જેમાં દોડ, પુશ–અપ્સ અને અન્ય શારીરિક ક્ષમતાની કસોટીઓનો સમાવેશ થતો હતો. વિદ્યાર્થીઓએ આ કસોટીઓમાં ભારે ઉત્સાહ અને જોશ સાથે ભાગ લીધો હતો. શારીરિક કસોટીમાં બેસ્ટ પરફોર્મન્સ આપનાર અને શિસ્તબદ્ધ જણાતા વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૨૬ના નવા એનસીસી કેડેટસ તરીકે પસંદગી કરવામાં આવી હતી. ઓરિએન્ટેશન કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ તથા ગુજરાત ૬ બટાલિયન એન.સી.સી. ભાવનગરમાંથી પધારેલા પી.આઈ. આરીફ ખાન દ્વારા વિદ્યાર્થીઓને એન.સી.સી. અંગે ઊંડાણ પૂર્વકની માર્ગદર્શન આપેલ હતું જેમાં એન.સી.સી.નો ઈતિહાસ, તેના 'એકતા અને શિસ્ત'ના સિદ્ધાંતો, કેમ્પની માહિતી, 'બી' અને 'સી' સર્ટિફિકેટના ફાયદાઓ અને ભવિષ્યમાં આર્મી કે અન્ય સરકારી નોકરીઓમાં મળતા લાભો વિશે વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યક્રમમાં અગાઉ નેશનલ અને વાર્ષિક કેમ્પ કરી ચૂકેલા વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડો. મહેશ એસ. ગઢીયા દ્વારા કરવામાં આવ્યું તથા આભાર વિધિ ડો. વિરાજ એચ. રાઠોડ (આસી. પ્રો. એકાઉન્ટન્સી) દ્વારા કરવામાં આવેલ હતી.

કાર્યકેમને સફળ બનાવવા કોલેજના સમગ્ર સ્ટાફએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આમ આ કાર્યક્રમ ખુબ જ સરસ રીતે પૂર્ણ થયો.તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે.

### અનરાધાર વરસાદથી જનજીવન પ્રભાવિત

# ગુંદરણ અને બવાડા ગામમાં રહેણાંક વિસ્તારોમાં ઘૂસ્યાં વરસાદી પાણી

## ગ્રામજનોએ રેતીની થેલીઓ ગોઠવી પાળો બનાવી પાણી રોકયુ



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાના લીલીયા પંથકમાં ઢળતી સંધ્યાએ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતાં લીલીયા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં અનરાધાર વરસાદ વરસ્યો હતો. સતત વરસેલા વરસાદના કારણે અનેક ગામોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાતાં સામાન્ય જનજીવન પર અસર જોવા મળી હતી.

લીલીયા તાલુકાના ગુંદરણ ગામમાં ભારે વરસાદને પગલે વરસાદી પાણી રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જતાં સ્થાનિક લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. જયારે બવાડા ગામમાં પણ નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળતાં અનેક મકાનો અને આસપાસના વિસ્તારો પ્રભાવિત બન્યા હતા.પરિસ્થિતિ વધુ ગંભીર ન બને તે માટે ગામ લોકોએ ચાલુ વરસાદ વચ્ચે જ રેતીની થેલીઓ ગોઠવી પાળો બનાવી પાણીના પ્રવાહને અટકાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ગ્રામજનોની જહેમતથી પાણી રહેણાંક વિસ્તારોમાં વધુ ન ફેલાય તે માટે કામગીરી કરવામાં આવી હતી.આ ઉપરાંત નાના કણકોટ, હરિપરા, એકલેરા સહિતના ગામોમાં પણ ધોધમાર વરસાદ નોંધાયો હતો. સતત વરસી રહેલા વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકોને અવરજવરમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. વરસાદી માહોલને પગલે સમગ્ર લીલીયા પંથકમાં મેઘમહેર વચ્ચે જનજીવન આંશિક રીતે પ્રભાવિત બન્યું હતું.

## શાંતિદૂત કબુતરનું અનેરૂ સ્નાન



બાબરામાં રવિવારે સમી સાંજે જે શાંતિદૂત ગણાતા કબુતરો વરસાદી માહોલમાં મોજમાં આવી ગયા હતા અને વરસાદી પાણીનાં ખાબોચિયામાં જળસ્નાન કરતાં હોય તેવું મનમોહક દ્રશ્ય કેમેરામાં કેદ થયું હતું.

### ભારે વરસાદ વચ્ચે કોડિનાર પોલીસની કામગીરી

# ઉના : છરીની અણીએ વૃધ્ધાના કાનની સોનાની બૂટી ચોરી લેનાર આરોપીને દબોચી લેવાયા

## સીસીટીવી કેમેરા અને ટેકનિકલ સર્વેલન્સથી ગુન્હો ઉકેલાયો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૬

ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. રસ્તાઓ પર પાણી, ગ્રામ્ય વિસ્તારોમાં કાદવ અને પ્રતિકૂળ વાતાવરણ વચ્ચે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ કોડીનાર પોલીસે એક ગંભીર લૂંટના ગુનાનો માત્ર ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી પોતાની કાર્યક્ષમતા સાબિત કરી છે. 'વરસાદની ધાર સામે પણ પોલીસની તપાસની ધાર વધુ તીક્ષ્ણ સાબિત થઈ' એવી ચર્ચા સમગ્ર પંથકમાં થઈ રહી છે.તા. ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ સાંજે વિઠલપુર બસ સ્ટેશન પર આલીદર જવા માટે ઉભેલી એક વૃધ્ધ મહિલાને ઈકો કારના ચાલકે લિફટ આપવાના બહાને કારમાં બેસાડી હતી. મોરવડ ગામ નજીક પહોંચ્યા બાદ આરોપીએ મહિલાના ગળા પર છરી રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ મહિલાના કાનમાં પહેરેલી અંદાજે એક તોલા વજનની રૂ. ૧ લાખની કિંમતની સોનાની બે બુટ્ટી લૂંટી લીધી હતી. મહિલાએ વિરોધ કરતાં આરોપીએ તેના હાથમાં છરી મારી ઈજા પહોંચાડી અને રસ્તા પર ઉતારી ઈકો કાર સાથે ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ પોલીસ ઈન્સ્પેકટર એન.વી. હરિયાણીના નેતૃત્વમાં સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી દેવામાં આવી હતી. ભારે વરસાદ વચ્ચે પણ પોલીસે તપાસમાં કોઈ ઢીલ રાખી નહોતી. ઘટનાસ્થળથી લઈને ગામડાઓના માર્ગો, પેટ્રોલ પંપ, હોટલો અને દુકાનોના સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. ટેકિનકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી શંકાસ્પદ ઈકો કારની ઓળખ કરવામાં આવી હતી.

બાતમીના આધારે ઘાટવડ–કંટાળા રોડ પર વોચગોઠવવામાં આવી હતી. ત્યાંથી પસાર થતી શંકાસ્પદ ઈકો કારને રોકી પૂછપરછ કરતાં સમગ્ર ગુનાનો ભેદ ખુલ્યો હતો. પોલીસે હાર્દિકભાઈ નાનજીભાઈ શિયાળ (ઉ.વ. ૨૩), રહે. થોરડી, તા. ગીર ગઢડાની ધરપકડ કરી હતી.

તપાસમાં સામે આવ્યું છે કે આરોપી અગાઉ એક સ્થાનિક અખબારમાં પ્રેસ રિપોર્ટર તરીકે કામ કરતો હતો. ત્યારબાદ મોબાઈલ એપ્લિકેશન પરથી લોન લીધા બાદ હપ્તા ભરવામાં મુશ્કેલી પડતાં તે આર્થિક સંકટમાં સપડાયો હતો. હાલ ઈકો કાર ચલાવતો આરોપી મુસાફરી કરતી એકલી મહિલાના દાગીના જોઈ લાલચમાં આવી આ ગુનાને અંજામ આપ્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.પોલીસે આરોપી પાસેથી રૂ. ૧ લાખની સોનાની બે બુટ્ટી, લૂંટમાં વપરાયેલી ઈકો કાર (જીજે–૨૪–એકયુ–૦૮૮૩), છરી અને મોબાઈલ ફોન સહિત કુલ અંદાજે રૂ. ૧.૫૧ લાખનો મુદામાલ કબજે કર્યો છે.

ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન અને ઉના વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સી.સી. ખટાણાની દેખરેખ હેઠળ પોલીસ ઈન્સ્પેકટર એન.વી. હરિયાણી અને તેમની ટીમે આ સફળ કામગીરી પાર પાડી હતી. ભારે વરસાદ, અંધારૂં અને ગ્રામ્ય વિસ્તાર જેવા તમામ પડકારો વચ્ચે પણ પોલીસે ગુનેગારને ભાગવાની કોઈ તક ન આપી અને ગણતરીની કલાકોમાં જ જેલના સળિયા પાછળ ધકેલી દીધો.

### 'આપ'ના અગ્રણી કાંતિલાલ સતાસિયાની માંગ

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી નુકસાનગ્રસ્ત થયેલ પરિવારોને સહાય કરો

## રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો



અમરેલી, તા.૬

અમરેલી જિલ્લાનાં આમ આદમી પાર્ટીનાં અગ્રણી કાંતિલાલ સતાસિયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી અતિભારે વરસાદને કારણે સ્થાનિક લોકોનાં ઘરોમાં પાણી ભરાય ગયેલ છે. શહેરી વિસ્તારમાં નીચાણ વાળા વિસ્તારમાં પણ પાણી ભરાઈ ગયેલ છે. અને ખેતીના વાવેતર કરેલ વિસ્તારમાં પણ ધોવાણમાં અને વ્યાપક નુકશાન થયેલ છે. તેમજ આ અતિભારે વરસાદથી લોકોની ઘર વખરી પણ પાણીમાં પલળી ગયેલ છે. તો જે નુકશાન થયેલ છે તેનો ઝડપથી સર્વે કરી ગરીબો અને ખેડૂતોને સરકાર તરફથી સહાય આપવા અંતમાં માંગ કરેલ છે.

# ખાંભા ગીર અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ કલાક પડેલા વરસાદથી ખેતરોમાં મોટા પ્રમાણમાં નુકસાની






તસ્વીર : રાજુભાઈ વાળા–ખાંભા

અમરેલી જિલ્લામાં ૨૪ કલાક પડેલા વરસાદે એકને કંઈક તબાહી મચાવી હોય તેવા દ્રશ્ય સામે આવ્યા હતા અને ખાંભા ગીર અને ગ્રામ્ય ખેડૂતો મોટા પ્રમાણમાં નુકસાની વેઠવાનો વારો આવ્યો છે ત્યારે ખેડૂતોના ખેતરોના પાળા તૂટી જ હતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે ખાંભા ગીર પંથક ખેતી પર નિર્ભર તાલુકો ગણવામાં આવે છે ત્યારે ૨૪ કલાક પડેલા વરસાદે ખેડૂતોને તબાહી મચાવી છે અને ખેડૂતોની મુશ્કેલી વધારી છે ત્યારે ખેડતો ખેતરો બેટમાં ફેરવા ગયા હતા પાણીથી તરબોળ બન્યા હતા અને ખેડૂતોના ખેતરના પાળાઓ પણ તૂટી ગયા છે અને ખેતરોમાં ગોઠણ સમા ફોતરા પડી જવાથી ખેતરો ધોવાય ગયા છે અને ખેડૂતોને વાવણી કરવી છે પણ ખેતરો ધોવાઈ જતા ખેડૂતો વાવેતર કેમ કરવું તેવી મુશ્કેલી ઊભી થઈ છે. અને ખેડૂતોને મોટી નુકસાની વેઠવાનો વારો આવ્યો છે ખાંભા ગામ ખેડૂતો રમેશભાઈ મનજીભાઈ ટાપણીયા વાડી નદી પાણી ઘૂસ્યા હતા અને વાડીનો ૮૦ ફૂટ કૂવો આવેલ હતો તેમાં કાપ આવી જાથી કૂવો અને સબ મરશિબલ પંપ સહિતની વસ્તુઓ કૂવો બૂરાઈ ગયો અને વાડી વાવેતર કરલે બિયારણ ધોવાઈ ગયુ છે અને મેડા ભરેલ ડુંગળી પણ પલળી ગઈ છે ત્યારે જગતનો તાત કુદરત સામે લાચાર બન્યો હતો ત્યારે હવે ખેડૂતો સરકાર સામે સહાયને મીટ માંડીને બેઠા છે ખાંભા ગીર પંથકમાં પડેલા મૂછળ ધાર વરસાદે તબાહી મસાવી હતી ખેડૂતો ખેતરોમાં બેટમાં ફેરવાયા હતાં ખેડૂતો ખેતરો ધોવાણ થયા અમુક ખેડૂતો વાવેતર કરૂં હતું બિયારણ તણાયા ગયું હતું ત્યારે જગતનો તાત કુદરતી થપાટથી દિવસેને દિવસે દેણા માં ડૂબતો જતો હોય ત્યારે હવે જગતનો તાત સરકાર સામે સહાયની માંગ કરી રહ્યા છે.

### નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

## ચલાલામાં પડેલ ભારે વરસાદ બાદ વહીવટી તંત્ર દ્વારા ત્વરિત કામગીરી

### અંદાજિત ૧૦૦ નાગરિકોનું સ્થળાંતર કરાયું




અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાના ચલાલા નગરપાલિકા વિસ્તારમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં કેટલાક લોકો ફસાઈ ગયા હતા. પરિસ્થિતિની જાણ થતાં નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક બચાવઅને સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સ્થાનિક વહીવટી તંત્ર તથા સંબંધિત વિભાગોની સંકલિત કામગીરીના પરિણામે નીચાણવાળા વિસ્તારોમાં ફસાયેલા અંદાજિત ૧૦૦ લોકોને સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે.

સ્થળાંતરની સમગ્ર કામગીરી દરમિયાન લોકોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી હતી.

હાલ ચલાલા નગરપાલિકા વિસ્તારમાં સ્થિતિ સંપૂર્ણ પણે નિયંત્રણમાં છે. જિલ્લા તંત્ર દ્વારા વરસાદની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરી હોય ત્યાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જિલ્લા તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે, ભારે વરસાદ દરમિયાન નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળે, બિનજરૂરી અવરજવર ન કરે, અફવાઓથી દૂર રહે અને માત્ર અધિકૃત માહિતી પર જ વિશ્વાસ રાખે તેમજ સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરે.

### ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓને માર્ગદર્શન

## લાઠી–બાબરા–દામનગર વિધાનસભા વિસ્તારની ભારતીય જનતા પાર્ટીનો પ્રશિક્ષણ વર્ગ ઉત્સાહભેર યોજાયો

### પ્રશિક્ષણ વર્ગમાં સંગઠન સશક્તિકરણ પર ભાર મુકાયો




લાઠી, તા. ૬

લાઠી – બાબરા – દામનગર વિધાનસભા વિસ્તારનો ભારતીય જનતા પાર્ટીનો પ્રશિક્ષણ વર્ગ ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રશિક્ષણ વર્ગમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં જિલ્લા ભાજપ પ્રમુખ, જિલ્લાના આગેવાનો, વિવિધ વિષયોના જિલ્લા વક્તાઓ તેમજ લાઠી, બાબરા અને દામનગર વિસ્તારના ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રશિક્ષણ વર્ગ દરમિયાન સંગઠનને વધુ મજબૂત બનાવવા,કાર્યપદ્ધતિને અસરકારક બનાવવા, સરકારની જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા તેમજ કાર્યકર્તાઓની જવાબદારી અને ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા વક્તાઓએ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા, સંગઠનના મૂલ્યો, સેવા, સુશાસન અને રાષ્ટ્ર પ્રથમના સિદ્ધાંતો અંગે વિગતવાર માહિતી આપી હતી.

આ પ્રસંગે ધારાસભ્યએ કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીની સૌથી મોટી તાકાત તેના સમર્પિત અને સેવાભાવી કાર્યકર્તાઓ છે. સતત પ્રશિક્ષણ અને સંગઠનાત્મક મજબૂતાઈ દ્વારા પાર્ટી વધુ સશક્ત બને છે. તેમણે દરેક કાર્યકર્તાને જનસંપર્ક વધારી સરકારની વિવિધ વિકાસલક્ષી અને જનહિતકારી યોજનાઓનો લાભ દરેક જરૂરિયાતમંદ સુધી પહોંચાડવા માટે સતત કાર્યરત રહેવા અનુરોધ કર્યો હતો.જિલ્લા ભાજપ પ્રમુખએ પોતાના માર્ગદર્શનમાં જણાવ્યું હતું કે પ્રશિક્ષણ વર્ગ કાર્યકર્તાઓમાં નવી ઊર્જા, આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતા વિકસાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. સંગઠનની નીતિઓ અને કાર્યક્રમોને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવા માટે આવા પ્રશિક્ષણ વર્ગો ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

કાર્યક્રમ દરમિયાન સંગઠનના વિવિધ વિષયો, સરકારની ઉપલબ્ધિઓ, જનસંપર્ક અભિયાન, સોશિયલ મીડિયા દ્વારા અસરકારક પ્રસાર, બૂથ સશક્તિકરણ અને આવનારા કાર્યક્રમોની રૂપરેખા અંગે પણ વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રશિક્ષણ વર્ગમાં જિલ્લા ભાજપના હોદ્દેદારો, મોરચા અને સેલના પદાધિકારીઓ, લાઠી, બાબરા અને દામનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના આગેવાનો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ભાજપ પરિવારના સભ્યો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને સુચારૂ આયોજન સાથે સંપન્ન થયો હતો.

### એજ સાચા જનસેવક હોય છે કે જેઓ મુશ્કેલીમાં જનતાની સાથે રહે

## સાવરકુંડલા–લીલીયામોટા પંથકમાં ભારે વરસાદે મુશ્કેલી ઉભી કરતાં ધારાસભ્ય મહેશ કસવાલાએ મોરચો સંભાળ્યો

### સમગ્ર વહીવટીતંત્રને એલર્ટ કરીને પોતે પણ મદદનાં કામે વળગી ગયા




સાવરકુંડલા, તા. ૬

હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે સાવરકુંડલા અને લીલીયા વિધાનસભા વિસ્તારમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા ભારેથી અતિ ભારે વરસાદના કારણે સમગ્ર પંથકમાં જનજીવન પ્રભાવિત થયું છે. આ કપરી પરિસ્થિતિમાં સ્થાનિક નાગરિકોની વહારે સાવરકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પોતે મોરચો સંભાળી લીધો છે અને સમગ્ર વહીવટી તંત્રને ‘એલર્ટ મોડ’ પર મૂકી દીધું છે.

પરિસ્થિતિની ગંભીરતાને જોતા ધારાસભ્યએ ગ્રાઉન્ડ ઝીરો પર ઉતરીને મામલતદાર કચેરી, પ્રાંત ઓફિસ, પોલીસ તંત્ર, નગરપાલિકા, તાલુકા પંચાયત, આર.એન્ડ.બી. અને સિંચાઈ વિભાગ સહિતની તમામ કચેરીઓના ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક સ્થળ પર બોલાવ્યા હતા. ધારાસભ્યએ વહીવટી તંત્ર સાથે સતત મોનિટરિંગ કરીને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

બેઠક દરમિયાન ધારાસભ્યએ અધિકારીઓને કડક સુચના આપતા જણાવ્યું હતું કે, ‘આપણી પ્રથમ પ્રાથમિકતા લોકોની સુરક્ષા છે. કોઈપણ પ્રકારની બેદરકારી સહેજ પણ ચલાવી લેવામાં આવશે નહીં. નીચાણવાળ ાવિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળ ે બદલી, પાણીના યોગ્ય નિકાલ અને જાનહાનિ અટકાવવા માટે તમામ સાવચેતીના પગલાં ત્વરિત ધોરણે લેવામાં આવે. તંત્રના તમામ કર્મચારીઓ અને અધિકારીઓએ ૨૪ કલાક ખડેપગે રહીને નાગરિકોને જરૂરી મદદ પૂરી પાડવાની રહેશે.’ધારાસભ્યની સીધી દેખરેખ અને સતત માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા પ્રભાવિત વિસ્તારોમાં ઠેર–ઠેર રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ધારાસભ્યએ સાવરકુંડલા અને લીલીયાના તમામ નગરજનોને પણ પૂરતી સાવચેતી રાખવા, સુરક્ષિત સ્થળોએ રહેવા અને તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરી છે.

### નવરાત્રિથી દિવાળી વચ્ચે ઘટના બનેલ

## વડિયાના મેઘાપીપળીયા ગામે અગાઉ થયેલ ચોરી અંગેની ફરિયાદ નોંધાઈ

### નજીકના સંબધીએ ચોરી કર્યાનો ઉલ્લેખ

અમરેલી, તા. ૬

વડીયા તાલુકાના મેઘા પીપળ ીયા ગામે રહેતા અને મિસ્ત્રી કામ કરતા એક મિસ્ત્રી તથા તેમના ભાણેજના બન્નેના ઘરમાથી તેમની સાથે રહેતા ભાણેજના ભણેજે ગત નવરાત્રી તેમજ દિવાળીના વચ્ચેના સમયગાળ ા દરમીયાન કુલ રૂપિયા ૧૦,૮૭,૪૦૦ ના સોના ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાનું જણાવેલ હતુ.અને મિસ્ત્રીના તથા તેમના ભાણેજના ઘરમાં ચોરી કરેલ તમામ પરત ભાણેજના ભાણેજે આપી દેવાનું કહી આરોપી ભાણેજ નાશી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.વડીયા તાલુકાના મેઘા પીપળીયા ગામે રહેતા અને મિસ્ત્રી કામ કરતા નટુભાઈ ગાંડુભાઈ દાવડા નામના ૫૭ વર્ષીય આધેડ પોતાના રહેણાંક મકાને ગત તા.૧૫/૨/૨૬ ના રોજ સાંજના પાંચક વાગ્યે ડોક્યુમેન્ટ જોવા માટે બોક્ષ શેટી પલંગમા તપાસ કરતા ડોક્યુમેન્ટ જોવામાંઆવેલ હતા. પરંતુ આ બોક્ષ શેટીમા ગોદડા ગાડલા નીચે સોના ચાંદીના દાગીના, દાગીનાના બોક્ષમાં રાખેલ હતા. જે બોક્ષ ખાલી હાલતમાં જોવામા આવેલ હતા.જેમાં સોનાનો હાર (ડોકીયુ) નંગ એક, નાની બુટી નંગ બે જેનુ વજન આશરે અઢી તોલા કિમત રૂપિયા ૩,૩૫,૦૦૦ તથા સોનાની બુટી નંગ બે જેનુ વજન આશરે અડધુ તોલુ કિમત રૂપિયા ૬૭૦૦૦ તેમજ સોનાની ચીપવાળા પાટલા નંગ ૧ જેનુ વજન આશરે ૧ ગ્રામ રૂપિયા ૧૩૪૦૦ તથા જેન્ટ્સ સોનાની વીટી નંગ ત્રણ જેનુ વજન આશરે ૮ ગ્રામ જેની કિમત રૂપિયા ૧૦૭૨૦૦ તથા લેડીઝ સોનાની વીટી નંગ બે જેનો વજન આશરે ૪ ગ્રામ જેની કિમત રૂપિયા ૫૩૬૦૦ મળી કુલ કિ.રૂા.૫,૭૬,૨૦૦ ના સોનાના દાગીનાની ચોરી થયેલ હોવાનુ જણાયેલ જેથી આ બાબતે તે જ ગામે રહેતા તેમના ભાણેજ હિતેષભાઈ ભગવાનભાઈ મકવાણાને ઘરે બોલાવી વાત કરેલ હતી. આથી તેમના ભાણેજે પોતાના ઘરે જઈ કબાટમાં તપાસ કરતા તેમના ઘરે પણ કબાટમાંથી સોના ચાંદીના દાગીનામા એક સોનાનો પેન્ડલસેટ બુટી સાથે જેનો વજન આશરે ૨ તોલા જેની કિમત રૂપિયા ૨,૬૮,૦૦૦ તથા સોનાની બુટી નંગ બે જેનુ વજન અડધો તોલુ કિંમત રૂપિયા ૬૭૦૦૦ તથા સોનાનો ચેન નંગ એક જેનુ વજન ૧ તોલુ જેની કિંમત રૂપિયા ૧,૩૪,૦૦૦ તથા એક સોનાનુ પાન (પેન્ડલ) જેનો વજન ૨ ગ્રામ જેની કિંમત રૂપિયા ૨૧૮૦૦ તથા સોનાની ચીપ વાળા પાટલા નંગ બે જેનો વજન ૧ ગ્રામ જેની કિમત રૂપિયા ૧૩૪૦૦ તથા અડધી તુટેલ ચાંદીની લક્કી નંગ એક જેનુ વજન ૧૨ ગ્રામ કિંમત રૂપિયા ૨૦૦૦ મળી કુલ રૂપિયા ૫,૧૧,૨૦૦ ની ચોરી થયેલનું જણાઈ આવેલ હતું.જેથી આ બન્નેના ઘરમા થયેલ ચેરી બાબતે તપાસ કરતા હતા તે દરમ્યાન આ મિસ્ત્રી તથા હિતેષભાઈ ભગવાનભાઈ મકવાણાને આ હિતેષભાઈના ભાણેજ મિહીરભાઈ ખુશાલભાઈ પરમાર કે જે છેલ્લા અગીયારેક વર્ષથી આ હિતેષભાઈ સાથે રહેતો હોય તેના પર શંકા જતા આરોપી મિહીરની પુછપરછ કરતા આ મિહીર એકદમ હેબતાઈ ગયેલ અને આ મિહીરે હિતેષભાઈની હાજરીમાં બંન્નેના ઘરમાથી ઉપરોકત સોના ચાંદીના દાગીનાની ચોરી નવરાત્રી તેમજ દિવાળીના વચ્ચેના સમય ગાળા દરમીયાન કરેલ હોવાનું જણાવેલ હતુ.આરોપી મિહીર ખુશાલભાઈ પરમાર (રહે.મુળ રામપુર (તોરી) હાલ રહે.મેઘા પીપળીયા) વાળાએ કહેલ હતુ કે હું બંન્નેના સોના ચાંદીના દાગીના જે તે સ્થીતીમા પરત આપી દઈશ તેમ વાત કરેલ હતી. પરંતુ આરોપી મિહીર ખુશાલભાઈ પરમાર આજથી દોઢેક માસ પહેલા અમારા ગામમાથી તેના મામા હિતેષભાઈને કહ્યા વગર કયાક જતો રહેલ છે. અને કયા ગયેલ છે. તેની કોઈને ખબર પણ નથી.આમ આરોપી મિહીર ખુશાલભાઈ પરમાર આ મિસ્ત્રીના ઘરેથી કુલ રૂપિયા ૫૭૬૨૦૦ ના સોનાના દાગીનાની ચોરી કરેલ હોય તેમજ હિતેષભાઈ ભગવાનભાઈ મકવાણાના ઘરેથી રૂપિયા ૫,૧૧,૨૦૦ ની ચોરી મળી કુલ રૂપિયા ૧૦,૮૭,૪૦૦ ના સોના ચાંદીના દાગીનાની ચોરી કરી નાશી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### સારવાર માટે જરૂરી નાણા ફટાફટ એકત્ર થયા

## અમરેલીમાં જંગ હતો એક પરિવારના તૂટતા માળાને અકબંધ રાખવાનો : ડો. કાનાબાર

### લેબ ટેકનિશયનનાં પત્નીની સારવાર માટે સૌ મદદે આવ્યા



અમરેલી, તા. ૬

અમરેલીનાં સેવાભાવી ડો. ભરત કાનાબારે એક નિવેદનમાં જણાવેલ છે કે, અમરેલીનાં લેબોરેટરી ટેકિનશિયન રાજેશભાઈ ડોડીયાના પત્નીને બ્રેસ્ટ કેન્સરની સારવાર માટે મુંબઈના પ્રખ્યાત કેન્સર નિષ્ણાત ડો. સુરેશ અડવાણીની સલાહ પ્રમાણે છ ઈન્જેકશનોનો કોર્સ કરવાનો આવ્યો. ઓપરેશન, અનેક ડોકટરોને દેખાડવાની ફી, સીટી સ્કેન, એમઆરઆઈ સ્કેન, કીમોથિરપી અને દવાઓ પાછળ પરિવારની મૂડી ઘસાઈ ચુકી હતી. ડો. અડવાણીએ લખેલ ઈન્જેકશનોના એક કોર્સ પાછળ લગભગ ત્રણ લાખ રૂપિયાથી પણ વધારે ખર્ચ આવતો હતો.

વધુમાં જણાવ્યું કે, ડો. અડવાણીએ લખેલ ઈન્જેકશનો શરૂ કર્યા પછી પહેલીવાર આશાનું કિરણ દેખાયું. જયાં કેન્સરની ગાંઠો હતી તે ઓગળવાની શરૂ થઈ અને તેની સાઈઝ ઘટવા માંડી. ડોડીયા યુગલ માટે કેન્સર સામેના આ જંગમાં નાનકડો પણ પ્રતીતિકર વિજય હતો. આ મહાવ્યાધિમાંથી પોતાની પત્ની બચી જશે તેવી શ્રદ્ધા જાગી. ડો.અડવાણીએ લખેલ સારવારમાં ૨૧ દિવસના અંતરે ઈન્જેકશનો લેવાના હતા અને આવા કુલ ૬ કોર્સ કરવાના હતા. ૬ કોર્સના પ્રથમ ડોઝ પછી જે ફાયદો દેખાયો તે જોઈ પહેલી વાર રાજેશભાઈ ડોડીયાના ચહેરા પર ચિંતાની કરચલીઓ થોડી ઓછી થઈ. હજુ ઘણો પંથ કાપવાનો બાકી હતો પણ આમાંથી પોતાની પત્ની બહાર આવી જશે એવી સૌ પ્રથમ વાર શ્રદ્ધા જાગી. પણ સાથે સાથે એક નવી સમસ્યા ઉભી થઈ. અત્યાર સુધી આર્થિક રીતે ડામાડોળ થઈ ગયેલ ડોડીયાભાઈએ જેમતેમ કરીને ૪ કોર્સ પૂરા કર્યો પણ હવે તેમની તમામ બચત પૂરી થઈ ગઈ હતી.

આ વાતની તેમણે મને મળ ીને પૂરી વિગતવાર વાત કરી. હવે બે ઈન્જેકશનનો કોર્સ બાકી હતો, જેમાટે ૬ લાખની જરૂર હતી. મેંઆ વાત અમારા અનુકંપા ફાઉન્ડેશનના મિત્રોને કરી જેમણે તરત જ ૧.૧૧ લાખ રૂપિયાનો ફાળો આપવાની સંમતિ આપી તો પણ બાકીની રકમનુંશુંકરવુંએ મોટો પ્રશ્ન હતો.

વધુમાં જણાવ્યું કે, આખરે આ માટે જાહેર અપીલ કરવાનું નક્કી કર્યુ રાજેશભાઈ ડોડીયા તો સામાજિક શરમને કારણે પહેલાં આનાકાની કરતા હતા પણ વિકલ્પ ન હોવાથી અમારી વાત માની અપીલ કરવાની સંમતિ આપી. માત્ર સોશિયલ મીડિયામાં કરેલ અપીલ બાદ નાના મોટા અનેક લોકો આગળ આવ્યા અને તે બધાએ ઉદાર હાથે આપેલ ફાળ ાથી કુલ ૫ લાખની રકમ એકઠી થઈ જેનો ચેક રાજેશભાઈ ડોડીયાને સુપ્રત કર્યો. તેમ અંતમાં જણાવવામાં આવે છે.

ખોડિયાર જળાશયનાં દરવાજા ખોલાતા ધસમસતો પાણીનો પ્રવાહ

# અરેરાટી : અમરેલીનાં સરભંડા ગામનાં ૪૦ વર્ષીય ખેડૂતનુ પાણીમાં તણાઈ જવાથી મોત

## ૧૨ કલાક બાદ ખેડૂતનો મૃતદેહ મળી આવતા અરેરાટી



અમરેલી, તા. ૬

ધારી નજીક આવેલા ખોડીયાર ડેમના દરવાજા ખુલ્યા બાદ શેત્રુંજી નદીમાં આવેલા ઘસમસતા પાણીના પ્રવાહે વધુ એક જીવ લીધો છે. અમરેલી તાલુકાના સરંભડા ગામે નદી કાંઠે બેઠેલા આશરે ૪૦ વર્ષીય ખેડૂત પાણીમાં તણાઈ જતા તેમની શોધખોળ માટે હાથ ધરાયેલા રેસ્કયુ શરૂ કરાયા બાદ ૧૨ કલાકે બાવળની કાંટમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાથી પરિવાર અને સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. અમરેલી જિલ્લાના ધારી નજીક આવેલા ખોડીયાર ડેમના ૯ દરવાજા ગઈકાલે ખુલતા શેત્રુંજી નદીમાં પાણીનો પ્રવાહ અચાનક વધ્યો હતો. આ દરમિયાન અમરેલી તાલુકાના સરંભડા ગામે રહેતા ખેડૂત શરદ મગનભાઈ કાછડીયા આશરે ૪૦ વર્ષીય યુવક નદી કાંઠે બેઠેલા ત્યારે પુરના ઘસમસતા પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તેમજ બચાવ ટીમે તાત્કાલિક શોધખોળ શરૂ કરી હતી. સતત આશરે ૧૨ કલાક સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ શેત્રુંજી નદી કાંઠે બાવળની કાંટમાં ફસાયેલ હાલતમાં ખેડૂતનો મૃતદેહ મળી આવ્યો હતો.

ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ દુર્ઘટનાથી મૃતકના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ છે, જયારે સમગ્ર પંથકમાં પણ શોકની લાગણી વ્યાપી છે.

વરસાદી માહોલ અને ડેમમાંથી છોડવામાં આવતા પાણીના કારણે નદી–નાળાઓમાં પાણીના પ્રવાહમાં અચાનક વધારો થતો હોવાથી તંત્ર દ્વારા લોકોને નદીના પટ અને કાંઠા નજીક ન જવા અપીલ કરવામાં આવી રહી છે. આ ઘટના ફરી એકવાર વરસાદી સિઝનમાં સાવચેતી રાખવાની જરૂરિયાત તરફ ધ્યાન દોરે છે.

નેશનલ હાઈ–વે વિભાગે માર્ગની મરામત કરતા

# અંતે ૨૪ કલાક બાદ અમરેલી–સાવરકુંડલા વચ્ચે બંધ થયેલ માર્ગ પુર્વવત કરાયો

## હંગામી ધોરણે પાઈપ, માટી લગાવીને માર્ગ શરૂ કર્યો





અમરેલી, તા.૬

સાવરકુંડલા પંથકમાં રવિવારે ભારે વરસાદ પડતા અમરેલી–સાવરકુંડલા વચ્ચેનો હાઈ–વેનાં બે ભાગ થઈ જતાં ૨૪ કલાકથી વાહન વ્યવહાર બંધ થયો હતો.

આજે નેશનલ હાઈ–વે વિભાગે તુટેલા માર્ગની પાઈપ, માટી વડે, હંગામી ધોરણે મરામત કરીને વાહન વ્યવહારને પુર્વવત કરાવ્યો હતો.

ભારે વરસાદથી નદી–તળાવોમાં નવા નીરનો ભરપૂર ભરાવો થયો હોય

# અમરેલી જિલ્લામાં નદી, તળાવો, પુલ કે નીચાણવાળા વિસ્તારમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ લગાવી દેવાયો

## જોખમી રીતે સેલ્ફી લેવા કે કેમેરાથી મોબાઈલથી શુટિંગ પર પ્રતિબંધ

અમરેલી, તા. ૬

અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ સમગ્ર અમરેલી જિલ્લાના જળાશયો, સિંચાઈ યોજનાઓ, નદી, તળાવો, પુલ કે નીચાણવાળા વિસ્તારમાં પ્રવેશ કરીને ન્હાવા કે, તટ, પાળી પર પહોંચીને જોખમી રીતે સેલ્ફી લેવા કે, કેમેરા, મોબાઈલથી શુટીંગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

અમરેલી તાલુકો, લાઠી, બાબરા, બગસરા, વડીયા, સાવરકુંડલા, લીલીયા, ધારી, ખાંભા, રાજુલા, જાફરાબાદ તાલુકાના જળાશયો, સિંચાઈ યોજનાઓ, નદી, તળાવો, પુલ કે નીચાણવાળા વિસ્તારમાં દર્શાવ્યા મુજબના સેલ્ફી સહિત ન્હાવા પર પણ પ્રતિબંધ રહેશે. આ જાહેરનામું જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે અને તા. ૨૯/૮/૨૦૨૬ સુધીના દિવસ સુધી અમલી રહેશે. જાહેરનામાના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ ૨૨૩ હોઠળ કાર્યવાહી કરવામાં આવશે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં સમી સાંજે પૂનઃ વરસાદ**

ગરમીથી અકળાયા હતા અને સાંજ ઢળતા વરસાદે દે ધનાધન ગાજવીજ અને કાન ફાડી નાંખે તે રીતના અવાજ સાથે શરૂ થયો છે.

આઠ વાગ્યાના સમયે પણ અમરેલીમાં છેલ્લા બે કલાકથી એકધારો વરસાદ વરસી રહ્યો છે. જેને લઈ અમરેલી શહેરના મુખ્ય માર્ગો તથા સોસાયટી વિસ્તારના માર્ગો ઉપર નદીઓ બની ગયા હતા. શહેરના તથા નિંચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

અમરેલી ફલડ કંટ્રોલ રૂમમાં સવારે ૬ થી રાત્રે ૮ વાગ્યા સુધીમાં વડિયા ૭, લાઠી ૫૨, લીલીયા ૧૩, અમરેલી ૧૨, બગસરા ૭, સાવરકુંડલા ૬૩, ખાંભા ૯, જાફરાબાદ ૧ તથા રાજુલા ૩ મી.મી. વરસાદ નોંધાયો છે.

પાના ૧ ઉપરનું ચાલું **વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત**

છલકાઈ ગયા હતા.

સાવરકુંડલા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ શરૂ થયેલા ધોધમાર વરસાદે જનજીવનને અસર પહોંચાડી હતી. સતત વરસેલા વરસાદને કારણે શહેરની મધ્યમાંથી પસાર થતી નાવલી નદીમાં પાણીની આવકમાં ભારે વધારો નોંધાયો હતો અને બીજા દિવસે પણ નદી ઘોડાપુરના દશ્યો સર્જાયા હતા.

નાવલી નદી પર આવેલા પુલ ઉપરથી પાણી વહેતા થતાં વાહનચાલકોને સાવચેતી રાખવાની ફરજ પડી હતી. પૂરના જોરદાર પ્રવાહમાં નદી કિનારે આવેલો એક વીજપોલ ધરાશાયી થયો હતો. વીજપોલ પાણીમાં તૂટી પડતો લાઈવ વીડિયો સ્થાનિકોના મોબાઈલ કેમેરામાં કેદ થયો હતો જે સોશ્યલ મીડિયામાં પણ ઝડપથી વાયરલ થયો છે.

નદીના પાણી કાંઠા વિસ્તારની કેટલીક દુકાનોમાં ઘૂસી જતાં વેપારીઓને નુકસાનની ભીતિ સર્જાઈ હતી. ભારે વરસાદના પગલે સુકનેરા ડેમ પણ ઓવરફલો થયો હતો જેના કારણે નદીમાં પાણીનો પ્રવાહ વધુ તેજ બન્યો હતો.

નાવલી નદીના પૂરનાં દશ્યો નિહાળવા મોટી સંખ્યામાં લોકો નદી કાંઠે અને પુલ ઉપર ઉમટી પડયા હતા. તંત્ર દ્વારા લોકોને નદીના પ્રવાહથી દૂર રહેવા અને જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં સતત વરસાદી માહોલ યથાવત રહેતા હવામાનમાં ઠંડક પ્રસરી છે અને આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે.

અનેક વિસ્તારમાં પાણી ભરાયા

# બગસરામાં છેલ્લા ૨૪ કલાકમાં સાડા પાંચ ઇંચ વરસાદ પડયો

## ડેરી પીપરીયા બાયપાસનાં ઝુંપડાઓ પાણીમાં ગરકાવ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૬

બગસરા પંથકમાં ગઈકાલ રાતથી આજે સાંજ સુધીમાં ૧૩૬ મિલીમીટર જેટલો વરસાદ નોંધાઈ ચૂકયો છે આ વરસાદના પગલે બગસરાની સ્થાનિક નદીઓમાં પૂર જોવા મળ્યું છે તેમજ શહેરમાં પ્રથમ વખત સ્થાનિક હોકળાઓમાં પણ પૂર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે જયારે બગસરાથી ડેરી પીપરીયા જવાના રસ્તા પર રહેતા ઝોપડપટ્ટી વિસ્તારમાં પાણી ઘૂસી જતા ઝોપડાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ત્યારે અહીં રહેતા લોકો પોતાના માથા પર પોટલા લઈ લઈને બહાર નીકળતા પણ જોવા મળ્યા છે જયારે જગતનો તાત ખુશીની લહેર જોવા મળી રહી છે જયારે એટલું જ નહીં પરંતુ શહેરમાં પાલિકા દ્વારા કરવામાં આવેલી પ્રી મોન્સૂન કામગીરી ધજાગરા ઉડતા જોવા મળ્યા છે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પણ જેવા કે શાક માર્કેટ, કુંકાવાવ નાકા તેમજ હોસ્પિટલ રોડ જેવા વિસ્તારો ગોઠણ સુધી પાણી ભરાયા હતા. જયારે બગસરાની જીવાદોરી સમાન મૂંજીયાસાર ડેમમાં પાણી માત્ર ૪ ફૂટ જેવું રહેલું હતું પરંતુ પ્રથમ વરસાદમાં પાણીની મબલખ આવક થતા હાલ ડેમમાં પાણી ૧૧ ફૂટની સપાટી પર પહોચિ ગયેલ છે. જયારે શહેરના નદીપરા વિસ્તારમાં આવેલ બેઠો પુલ પાલિકા દ્વારા સફાઈના આભાવે કચરો પુલમાં ફસાઈ જતા લોકો દ્વારા આ કચરાને સફાઈ કરવામાં આવી હતી અને પાલિકાના સદસ્યોની નમોશી કરી હતી.

આંતરિક બીમારીનાં લીધે

# અમરેલીમાં એલસીબી કચેરી નજીક ગાયનું મોત નિપજયુ

## પૂર્વ નગરસેવક મધુભાઈ ચાવડાએ ગાયનાં મૃતદેહનો નિકાલ કર્યો



અમરેલી, તા. ૬

અમરેલી ખાતે આવેલ એલસીબી કચેરી નજીક આંટાફેરા મારતી એક ગાયનું આંતરિક બીમારીથી મોત થતાં પાલિકાનાં પૂર્વ નગરસેવક મધુભાઈ ચાવડાએ ગાયનાં મૃતદેહનો નિયમાનુસાર નિકાલ કર્યો હતો.

**શ્રી ચક્રાવા– જૂથ ગ્રામ પંચાયત કચેરી**
**મુ. ચક્રાવા, તા. ખાંભા, જી.અમરેલી**

### :: જાહેર હરરાજી ::

આથી જાહેર હરરાજીમાં રસ ધરાવતા તમામ ઈસમો ને જાણ કરવામાં આવે છે કે, ચક્રાવા– જૂથ પંચાયતની માલિકીની નીચે જણાવેલ મિલકતો હાલ જર્જરિત હાલતમાં છે. જેની જાહેર હરરાજી તા.૦૮/૦૭/૨૦૨૬ નો બુધવાર ના રોજ નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.

| જર્જરિત મિલકતની વિગત | અપસેટ કીમત | સ્થળ | સમય |
|---|---|---|---|
| જર્જરિત પાણીની ટાકી ૧૦×૧૧×૭ફૂટ | ૪૫૦૦/– | રાધેશ્યામભાઈ બંસીરામભાઈ દુધરેજીયાના ઘર પાસે (ચક્રાવાપરા) | બપોરે ૨:૦૦ કલાકે |
| જર્જરિત આંગણવાડી કેન્દ્ર નંબર – ૪૩ | ૩૩૦૦/– | બાબરપુર | સાંજે ૪:૦૦ કલાકે |

તો હરરાજી પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમો એ ૧૦૦૦/– ડીપોઝીટ ફરજીયાત ભરવાની રહેશે. હરરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. તો રસ ધરાવતી વ્યકિતઓએ હાજર રહેવું, આખરી નિર્ણય સરપંચશ્રી ચક્રાવા જુથ ગ્રામ પંચાયતનો રહેશે.

**તલાટી કમ મંત્રીશ્રી**
**ચક્રાવા–જુથ ગ્રામ પંચાયત**
**મુ. ચક્રાવા, તા. ખાંભા,**
**જી.અમરેલી**

**સરપંચશ્રી**
**ચક્રાવા–જુથ ગ્રામ પંચાયત**
**મુ. ચક્રાવા, તા. ખાંભા,**
**જી.અમરેલી**

૨૪ કલાકમાં ૧૪ ઈંચ જેટલો વરસાદ

# આંબરડી : ગીણીયા ગામે દીવાલ ધરાશાયી થતાં પરિણીતાનું મોત થયું

## વરસાદ કયાંક આફતરૂપ તો કયાંક આશીર્વાદરૂપ



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૬

લાંબા સમય રાહ જોવડાવ્યા બાદ મેઘરાજા જાણે અમરેલી જિલ્લા પર મહેરબાન થયા હોય તેમ જિલ્લાના ગ્રામ્ય પંથકોમાં સતત વીજળીના કડાકા સાથે અનરાધાર વરસાદ વરસી રહ્યો છે.

સાવરકુંડલાના આંબરડી સહિત આસપાસના ગામોમાં છેલ્લાં ૨૪ કલાકથી સતત મુશળધાર વરસાદ પડી રહ્યો છે. ૨૪ કલાકથી પડી રહેલા વરસાદના કારણે ખેતરો પાણી પાણી થયા છે. તો સૌથી છેલ્લે છલકાતો કૃષ્ણગઢ ડેમ પ્રથમ સારા વરસાદથી ઓવરફલો થઈ જતાં ધરતીપુત્રોમાં આનંદની લાગણી છલકાઈ હતી.

ગીણીયા ગામે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. રસોડામાં રસોઈ કરી રહેલ કૈલાસબેન સકુરભાઈ માંગુડા (ઉ.વ. આશરે ૩૫ ) નામના ઉપર એકાએક દીવાલ ધરાશાયી થતાં લોહી લુહાણ હાલતમાં ખાનગી કાર મારફત હોસ્પિટલ ખસેડવામાં આવતા મૃત્ય જાહેર કરવામાં આવતા પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

સતત પડી રહેલ મુશળધાર વરસાદ કયાંક આશીર્વાદ રૂપ બની રહ્યો છે તો કયાંક શોક સર્જી રહ્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં ઠવી ગામે**

જિલ્લામાં છેલ્લા સવા મહિનામાં સિંહ દ્વારા માનવી પર હુમલાની આ છઠ્ઠી ઘટના છે. વારંવાર બની રહેલી આવી ઘટનાઓને કારણે ગ્રામજનોમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ વન વિભાગને ગામોમાં સિંહોની અવર જવર પર નિયંત્રણ લાવવા, રાત્રિ પેટ્રોલિંગ વધારવા તેમજ માનવ વસાહતોની સુરક્ષા માટે તાત્કાલિક અસરકારક પગલાં ભરવાની માંગ કરી છે.

પાના ૮ ઉપરનું ચાલું **વડિયા પંથકમાં દરીદ્રનારાયણનાં**

અનાજ સાથે પકડાયેલા શખ્સની પૂછપરછ કરવામાં આવે તો આ અનાજ કોની પાસેથી લીધું તેની વિગત મેળવી આ રેશનકાર્ડ ધારકો સામે કાર્યવાહી કરી શકાય. પરંતુ આ માટે કા તો તંત્રની ઈચ્છાશકિતનો અભાવ હોય કે પછી રાજકીય હસ્તક્ષેપ વિક્ષેપરૂપ બનતો હોય શકે. પરંતુ આ બાબતને ગંભીર ગણી આવા રેશનકાર્ડ ધારકો સામે પણ કાર્યવાહી કરવી જરૂરી બંને છે તો જ આ પ્રવૃત્તિને અટકાવવામાં સફળતા મળી શકે.

સંકુલ PTC કોલેજ ગુજરાતી મિડીયમ પ્રવેશ
સંકુલ PTC કોલેજ ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
- Ad 118

"અમરેલી એક્સપ્રેસ"
અમારૂ ઇ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
"અમરેલી એક્સપ્રેસ"

### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી) રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા,** તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારઃ– બસીરભાઈ પ્યારમામદભાઈ ઝાખરા, રહે. ધ્રાંગડા, તા. ધ્રોલ, જી. જામનગરની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **લીલીયા તાલુકા**ના મોજે : **બવાડી** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીનો આવેલ છે. તે ખેતીની જમીનો અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ / ધારણકર્તા | ખાતાનંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | હીતેષભાઈ રામભાઈ શીરોયા | ૨૯૮ | ૨૫૦ | ૨–૦૧–૦૩ |
| ૨ | અલ્પેશભાઈ રામભાઈ શીરોયા | ૧૬૨ | ૨૪૪ | ૧–૬૧–૮૧ |
| ૨ | જયંતીભાઈ લાલજીભાઈ શીરોયા | ૧૭૨ | ૨૫૩ | ૨–૨૧–૬૪ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીનો સંબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૧૦ (દસ)માં જાણ કરવી, જો સમય મર્યાદામાં જાણ કરવામાં ન આવે તો કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો એટલે કે વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ વ્યકિતઓ પાસેથી અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓ એ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તારીખ : ૦૬/૦૭/૨૦૨૬** **તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા**
**મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦**
**૯૮૨૪૬ ૬૧૫૦૦**

**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ એન્ડ નોટરી)

### જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર, **(૧) ચેતન રાજેન્દ્ર સવજાણી,** રહે. રાજીવનગર, પોરબંદર, **(૨) મહેશભાઈ સુભાષભાઈ ભુતીયા**, રહે. બ્લોક નં.બી–૧૩, 'કૃષ્ણકૃપા' મારૂતી શો રૂમ પાછળ, છાંયા – પોરબંદર.

આથી લાગતા – વળગતા સહુને તથા જાહેર – જનતાને આ જાહેર નોટિસથી જણાવીએ છીએ કે અમોએ **શ્રી કે.પી. પાદરીયા એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ** – બાબરાના ટ્રસ્ટીઓ, **(૧) કમલેશભાઈ પ્રવિણભાઈ મહેતા** તથા **(૨) આરતીબેન મહેન્દ્રભાઈ ભરાડ**ને હાથ ઉછીની રકમ આપેલ હોઈ, તેની સીકયોરીટી પેટે બાબરા સરદાર પટેલ લો–કોલેજ તરીકે ઓળખાતી મિલ્કત કે જે બાબરાના બિનખેતી સર્વે નં. ૬૫૫ પૈકી ૨ જેના હે.આરે.ચો.૧–૨૬–૩૭, તેના ઉપર બાંધવામાં આવેલ મિલ્કત, સદરહું ટ્રસ્ટનાં સહટ્રસ્ટીઓ **પારૂલબેન ઉપેન્દ્રભાઈ બોરીસાગર** તથા **પંકજભાઈ મનુભાઈ બાવીસી**ના સંમતીથી, આ મિલ્કતમાં ઉપરોકત **(૧) કમલેશભાઈ પ્રવિણભાઈ મહેતા તથા (૨) આરતીબેન મહેન્દ્રભાઈ ભરાડ**નો કુલ ૨૦ (વીસ) ટકા હિસ્સો સીકયોરીટી માટે લીધેલ છે, અને જેનું લખાણ ઉપરોકત ટ્રસ્ટીઓ તથા અન્ય સહટ્રસ્ટીઓની સંમતી સહીત અમો નીચે સહી કરનારા જોગ તા.૨૦–૦૭–૨૦૨૨ ના નોટરાઈઝ રજી.નં. ૪૧૪/૨૦૨૨ થી મિલ્કત સીકયોરીટી પેટે આપવા અંગેનો કરાર કરી આપેલ છે. તેમજ તા. ૦૮/૦૬/૨૦૨૩ ના રોજ થયેલ આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ/ભાગીદારો વચ્ચે થયેલ કરારમાં (નોટરાઈઝ નં. ૬૮/૨૦૨૩) દર્શાવેલ છે. આ લખાણ આજની તારીખે અમલમાં છે.

ઉપરોકત વિષયે લાગતા – વળગતા સહુને તથા જાહેર – જનતાને આ જાહેર નોટિસથી જણાવવાનું કે, આ ઉપરોકત મિલ્કત બાબત કોઈ વ્યવહાર–હસ્તાંતર કરવામાં આવશે તો તે અમો નીચે સહિ કરનારને બંધનકર્તા રહેશે નહીં, અને તેની તમામ જવાબદારી, જોખમદારી જે–તે વ્યવહાર કરનારની અંગત રહેશે, તેમજ આ બાબતે કોઈ વ્યવહાર થયેથી ઉપરોકત મિલ્કતમાં અમારા તા.૨૦–૦૭–૨૦૨૨ ના કરાર મુજબ અમારો અગ્રહક્ક રહેશે, જેની આથી લાગતા–વળગતા સહુએ નોંધ લેવી.

**સ્થળ : પોરબંદર**
**તારીખ : ૦૬/૦૭/૨૦૨૬**

**: સહી :**
**૧. ચેતન રાજેન્દ્ર સવજાણી – ૯૮૯૮૪૯૫૫૯૧**
**૨. મહેશભાઈ સુભાષભાઈ ભુતીયા – ૭૭૭૮૮૨૦૦૦૦**

# બગસરામાં મુસ્લિમ સમાજ દ્વારા વિદ્યાર્થી પારિતોષિક સન્માન સમારોહ યોજાયો




બગસરામા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા વિદ્યાર્થી પારિતોષિક સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં બગસરા તેમજ બગસરા તાલુકાના તમામ મુસ્લિમ વિદ્યાર્થીઓને સન્માન કરી આગળ વધવા માટે શુભકામના આપવામાં આવી હતી તેમજ આ સમાજ દ્વારા ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા તમામ બાળકોને જે શિક્ષણક્ષેત્રે અને અલગ અલગ કક્ષાએ ઉતીર્ણ થવા બદલ સિલ્ડ તેમજ ગિફટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા કરવામાં આવ્યો હતો. જયારે મુખ્ય અતિથિ ઈમ્તિયાઝભાઈ પઠાણ એકતા મચ ગુજરાત તેમજ ડો. શહેનાઝબેન બાબી નિવૃત્ત પ્રિન્સિપાલ જેતપુર ખાસ હાજરી આપી હતી. તેમજ હાલમાં આ સમાજના જે કોઈ શિક્ષકો છે તેમના દ્વારા એક અલગ રીતે સહયોગ આપ્યો જેમ કે જે કોઈ બાળકોને ટયુશનની જરૂરિયાત હોય તેમને ફીમાં ટયુશન આપીશું અને આગળનું ભવિષ્ય સુધરે એના માટે પૂરતા પ્રયત્ન કરીશું. ત્યારબાદમાં આ કાર્યક્રમના અંતમાં અલ્પાહારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સફળ બનાવવા મીમ બચત ગ્રુપ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

### નીચાણવાળા વિસ્તારમાં પાણીનો ભરાવો

## સા.કુંડલામાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ નાવલી નદી ગાંડીતુર બની

### હનુમાનજી આશ્રમ પાસે ચેકડેમનો પાળો તુટયો

સાવરકુંડલા, તા.૬

સ્થાનિક પંથકમાં છેલ્લા ચોવીસ કલાકથી વરસી રહેલા અનરાધાર વરસાદને પગલે સાવરકુંડલા અને આસપાસના વિસ્તારમાં પાણી પાણી. મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં જ શહેરની જીવાદોરી સમાન નાવલી નદી બંને કાંઠે ગાંડીતૂર બનીને વહી રહી છે. પૂરના પ્રચંડ પ્રવાહને કારણે તાત્કાલિક હનુમાનજી આશ્રમ નજીક આવેલા ચેકડેમનો પાળોને નુકસાન થતાં સમગ્ર પંથકમાં ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ વ્યાપી ગયો છે.ભારે વરસાદના કારણે નાવલી નદીમાં પૂરનું જોખમ સતત વધી રહ્યું છે. નદીમાં પાણીની ભારે આવક થવાને કારણે હનુમાનજી આશ્રમ પાસેના ડેમના પાળાને ભારે નુકસાન થયું છે અને તે લગભગ તૂટી ગયો છે. પાળો તૂટવાના કારણે ડેમનું પાણી આસપાસના વિસ્તારોમાં ફરી વળવાની આશંકા પ્રબળ બની છે, જેને પગલે વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે.નદી કિનારાના અને નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી જવાની પૂરેપૂરી



શકયતા હોવાથી તંત્ર દ્વારા સ્થાનિક રહીશોને સાવચેત રહેવા કડક સૂચના આપવામાં આવી છે. લોકોને પોતાના જાનમાલની સુરક્ષા પ્રત્યે વિશેષ ધ્યાન રાખવા અને બિનજરૂરી બહાર ન નીકળ વા અપીલ કરવામાં આવી છે.નદી કિનારાના જોખમી વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસી જવા પણ જણાવાયું છે. અનરાધાર વરસાદથી નદીમાં પૂરની સ્થિતિ, કાંઠાના વિસ્તારો જોખમમાં. ભારે નુકસાનઃ તાત્કાલિક હનુમાનજી આશ્રમ નજીક ચેકડેમનો પાળો તૂટતા, નીચાણવાળા વિસ્તારના રહીશોને જાનમાલની સુરક્ષા બાબતે એલર્ટ રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## અમરેલીનાં પત્રકાર ભાવેશ વાઘેલાનો આજે જન્મ દિવસ

અમરેલી, તા.૬

અમરેલીના યુવા પત્રકાર ભાવેશ વાઘેલા, આજે જન્મદિવસની ઉજવણી કરી રહ્યા છે.

સત્ય અને નિષ્પક્ષતા સાથે પત્રકારત્વના મૂલ્યોને જાળવી રાખનારની પોતાની કલમ દ્વારા હંમેશા આમ આદમીના પ્રશ્નોને વાચા આપી છે. પત્રકારત્વની સાથે સાથે સામાજિક કાર્યોમાં પણ હંમેશા તત્પર રહેનારની કાર્યશૈલી સૌ કોઈ માટે પ્રેરણારૂપ છે.

આજે તેમના જન્મદિવસ નિમિત્તે અખબારી આલમ, મિત્રગણ અને શુભેચ્છકો તરફથી તેમના પર



અભિનંદનનો વર્ષા થઈ રહ્યો છે. તેઓ ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરે અને નિરામય દીર્ઘાયુ ભોગવે તેવી સહુ શુભેચ્છકો દ્વારા કામના કરવામાં આવી રહી છે.

### પત્રકાર એકતા પરિષદ દ્વારા

## વડિયામાં રાહત દરે ફુલછોડ, રોપા, દેશી ઓસડિયાનું વિતરણ

### આવતીકાલ બુધવારે કાર્યક્રમ યોજાશે

વડિયા, તા.૬

ચોમાસા વૃક્ષ ઉછેર મહત્વની બાબત છે સાથે પર્યાવરણ જાગૃતિ બાબતે કામગીરી પણ આટલીજ આવશ્યક છે ત્યારે ચોમાસામાં ઘર આંગણે ફુલછોડ,ડેકોરેટીવ છોડનો ઉછેર થાય, વાડીના ખેતરોમાં ફળાવ વૃક્ષનો ઉછેર થાય, ઘર આંગણે શાકભાજી ઉગાડવામાં આવે અને દેશી ઓહડિયાથી રોગ મુક્ત શરીર માટે પત્રકાર એકતા પરિષદ અને નવરંગ નેચર કલબ દ્વારા તા.૦૮/૦૭/૨૦૨૬ ને બુધવાર ના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યાં સુધીના સમયમાં સુરગવાળા સાર્વજનિક હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે રાહત દરે રોપા વિતરણનો કેમ્પ આયોજિત કરવામાં આવ્યો છે જેમા ફુલછોડ, ડેકોરેટીવ છોડ, કેસર આંબાની કલમો, ચીકુની કલમ, નાળિયેરી, દેશી ઓહળિયા, પ્લાસ્ટિક કુંડા, અળસિયાનુ ખાતર, અજમાનું મધ, શાકભાજીનું દેશી બિયારણ સહીતની વસ્તુઓ રાહત દરે વિતરણ કરવામાં આવશે તો સમગ્ર વડિયા વિસ્તારણ લોકોને તેનો લાભ લેવા પત્રકાર એકતા પરિષદ વડિયા અને નવરંગ નેચર કલબ રાજકોટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### હેન્ડબોલ સ્પાર્ધામાં સુવર્ણપદક પ્રાપ્ત કર્યો

## અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભાનો રાજય કક્ષાએ અવિરત ડંકો

### દરેક વિદ્યાર્થીમાં એક ચેમ્પિયન છુપાયેલો છે : વસંત ગજેરા

અમરેલી, તા. ૬

તારીખ : ૨ થી ૩ જૂન ૨૦૨૬ના રોજ મીની હેન્ડબોલ સ્ટેટ ટુર્નામેન્ટ અંડર–૧૨ ભાઈઓની રાજય કક્ષા સ્પર્ધાનું આયોજન સાપુતારા, ડાંગ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં રાજયના અલગ–અલગ જિલ્લાની શ્રેષ્ઠ શાળાકીય હેન્ડબોલ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસ –વિદ્યાસભાના ડીએલએસએસ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કટોકટીના મુકાબલા વચ્ચે ગજેરા કેમ્પસ –વિદ્યાસભાનાની અંડર–૧૨ ભાઈઓ હેન્ડબોલ ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને સુવર્ણ પદક મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. જેમાં આ સંસ્થાના ૧) સાંકળિયા મીત, ૨) ખંડાલ વ્રજ, ૩) બાંભણિયા રાજવીર, ૪) જળું કાર્તિક, ૫) સાંગાણી દેવમ, ૬) વાઘેલા રાકેશ, ૭) ઝાપડિયા યુગ, ૮) તાવિયા કુલદીપ, ૯) દુમાડિયા મીત, ૧૦) જોગરાણા નેહીલ, ૧૧) સોલંકી હાર્દિક, ૧૨) ખાવડીયા રોહિત ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના ડીએલએસએસ ખેલાડીઓએ આ ગૌરવપૂર્ણ સિધ્ધિમાં અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલની



વિશેષ ભૂમિકા રહી છે. હેન્ડબોલ ટીમમાં ગજેરા કેમ્પસના પ્રતિભાશાળી ખેલાડીઓની જીત સમગ્ર જિલ્લા માટે આનંદ અને ગર્વની બાબત બની છે. રાજય કક્ષાએ મેડલ જીતી અમરેલી જિલ્લાનું નામ રાજય સ્તરે ઉજાગર કર્યુ છે. આ સિદ્ધિ દ્વારા ફરી એકવાર રાજય કક્ષાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલ ખેલાડી ટીમ, તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### ખેડૂત હિતમાં વધુ એક ઐતિહાસિક નિર્ણય

## વીજ ટ્રાન્સમિશન ટાવર અને પાવર લાઈનો માટે અસરગ્રસ્ત ખેડૂતોને હવે બજાર કિંમતના બમણા દરે મળશે વળતર

### જંત્રી નહીં, હવે બજાર કિંમતને મળશે પ્રાધાન્ય : હિરેન હિરપરા

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ભાજપ કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ હિરેન હિરપરાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા મંત્રી ઋષિકેશભાઈ પટેલ તથા ઊર્જા મંત્રી (રાજય કક્ષા) કૌશિકભાઈ વેકરિયાનો ખેડૂત હિતમાં વીજ ટ્રાન્સમિશન ટાવર અને પાવર લાઈનો માટે અસરગ્રસ્ત ખેડૂતોને જમીનની પ્રવર્તમાન બજાર કિંમતના બમણા દરે વળતર આપવાનો ઐતિહાસિક નિર્ણય લેવા બદલ આભાર વ્યકત કરતાં જણાવ્યું હતું કે આ નિર્ણય રાજયના ખેડૂતોના હિતોના સંરક્ષણ, તેમની મહેનતના યોગ્ય મૂલ્યાંકન તથા વિકાસ અને ખેડૂત કલ્યાણ વચ્ચે સંતુલન સ્થાપિત કરવાની રાજય સરકારની દઢ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

તેમણે જણાવ્યું હતું કે, રાજય સરકારે વીજ ટ્રાન્સમિશન ટાવર તથા પાવર લાઈનો માટે અસરગ્રસ્ત ખેડૂતોને મળતા વળતરની પદ્ધતિમાં ઐતિહાસિક સુધારો કરીને જંત્રી આધારિત મૂલ્યાંકનની જગ્યાએ હવે જમીનની પ્રવર્તમાન બજાર કિંમતના ૨૦૦ ટકા (બમણા) દરે વળતર ચૂકવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી ખેડૂતોને તેમની જમીનનું વધુ



ન્યાયસંગત, વાસ્તવિક અને સન્માનજનક મૂલ્ય પ્રાપ્ત થશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે માત્ર વળતરની રકમમાં વધારો જ કર્યો નથી, પરંતુ સમગ્ર પ્રક્રિયાને વધુ ખેડૂત કેન્દ્રિત અને સરળ બનાવી છે. ટાવરના પાયા માટે વળતર નક્કી કરતી વખતે હવે તેની ચારેય બાજુના વધારાના એક મીટર વિસ્તારને પણ ગણતરીમાં લેવામાં આવશે, જેના પરિણામે અસરગ્રસ્ત ખેડૂતોને અગાઉ કરતાં વધુ લાભ મળશે.

હિરપરાએ ઉમેર્યુ હતું કે, ખેડૂતોને વળતર માટે લાંબા સમય સુધી રાહ જોવી ન પડે તે માટે ચુકવણીની પ્રક્રિયામાં પણ મહત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે. અગાઉ વિવિધ તબક્કામાં ચૂકવાતું વળતર હવે એક જ હપ્તામાં ૧૦૦ ટકા ચૂકવવામાં આવશે, જેના કારણે ખેડૂતોને સમયસર આર્થિક સહાય પ્રાપ્ત થશે અને વિકાસલક્ષી પ્રોજેકટોના અમલીકરણમાં પણ વધુ ઝડપ આવશે.

તેમણે જણાવ્યું હતું કે, જમીનની બજાર કિંમતનું પારદર્શક અને વિસનીય મૂલ્યાંકન સુનિશ્ચિત કરવા માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં માર્કેટ રેટ કમિટીની રચના કરવામાં આવશે. આ સમિતિમાં અસરગ્રસ્ત જમીનધારકોના પ્રતિનિધિઓ, અધિકૃત મૂલ્યાંકનકાર તથા ટ્રાન્સમિશન સેવા પ્રદાતાના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે, જેના પરિણામે સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા, વિસનીયતા અને ખેડૂતોનો વિસ વધુ મજબૂત બનશે.

અંતમાં હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે, ડબલ એન્જિન સરકાર માટે ખેડૂત કલ્યાણ અને વિકાસ એકબીજાના વિરોધી નહીં પરંતુ પરસ્પર પૂરક છે. ખેડૂતોના અધિકારોનું સંરક્ષણ, તેમની મહેનતનું યોગ્ય મૂલ્યાંકન અને રાજયના આધુનિક વીજ માળખાના વિકાસ વચ્ચે સંતુલન સ્થાપિત કરતો આ નિર્ણય ગુજરાત સરકારની ખેડૂત પ્રતિબદ્ધ કાર્યશૈલીનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે વિસ વ્યકત કર્યો હતો કે આ ઐતિહાસિક નિર્ણય રાજયના લાખો ખેડૂતોમાં વિસ વધુ મજબૂત બનાવશે, વિકાસલક્ષી પ્રોજેકટોને નવી ગતિ આપશે અને 'સમૃદ્ધ ખેડૂત–સમૃદ્ધ ગુજરાત'ના સંકલ્પને વધુ બળ આપશે.

### ભારે વરસાદ પડતા નુકસાન

## અમરેલી : ચાંદગઢ અને લાપાળીયામાં ખેતરોનુ ધોવાણ

### ખેતરે જવાનો ગાડા માર્ગ ધોવાયો



અમરેલી, તા. ૬

અમરેલીનાં ચાંદગઢ અને લાપાળીયા ગામે પડેલ ભારે વરસાદથી ગામનાં ખેતરોનું ધોવાણ થવાની સાથે ખેતરે જવાનાં ગાડા માર્ગ પણ ધોવાઈ ગયો હોય વહીવટી તંત્ર દ્વારા તાકીદે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ છે.


''અમરેલી એકસપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા

## હડાળા ગામે ખરીફ ઋતુ પાક નિદર્શન તથા પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ યોજાઈ

### રાસાયણિક યુગમાં પ્રાકૃતિક ખેતી જ ટકાઉ ભવિષ્યનો માર્ગ

અમરેલી, તા. ૬

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ પ્રો. (ડો.) સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, અમરેલી દ્વારા પ્રાકૃતિક ખેતીના પ્રચાર–પ્રસાર અને ખેડૂતોમાં જાગૃતિ લાવવાના હેતુસર હડાળા ગામ ખાતે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડો. એસ.પી. દેશમુખના નેતૃત્વમાં હડાળા ગામ ખાતે ખરીફ ઋતુ પાક નિદર્શન તથા પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧ જૂલાઈ રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં ૭૦થી વધુ ખેડૂતો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

તાલીમ દરમિયાન કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ડો. કે. વી. મશાલીયા, બી.ડી. મકવાણા અને આર.એચ. વઘાસિયા, ખેતી અધિકારી, એચ.વી. વળિયા તથા જે.બી. પરમાર અને ખેતી મદદનીશ એસ.એ. બારડ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભો બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, વાપસા, આચ્છાદન અને જુદા જુદા અસ્ત્રો (બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર, અગ્નિસ્ત્ર)થી જીવાત નિયંત્રણ અંગે સમજણ અને



માહિતી તેમજ મિશ્રપાક પદ્ધતિના લાભો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

જેમાં એક જ ખેતરમાં વિવિધ પાકોનું વૈજ્ઞાનિક આયોજન કરીને જમીનની ફળદ્રુપતા જાળવવી, જીવાત અને રોગના ઉપદ્રવમાં ઘટાડો કરવો, ઉત્પાદનની સ્થિરતા વધારવી તથા ખેડૂતોની આવકમાં વધારો કરવાના મુદ્દાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત રોજિંદા જીવનમાં પ્રાકૃતિક ખેતીના પેદાશોનું મહત્વ પર જાગૃતતા આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ખેડૂતો દ્વારા પૂછવામાં આવેલા પ્રાકૃતિક ખેતી સંબંધિત પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

આ સત્ર દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓને અપનાવી ખેતીને વધુ ટકાઉ, પર્યાવરણમૈત્રી, સ્વાવલંબી અને ખર્ચ અસરકારક બનાવવાની અપીલ કરવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમ માત્ર જ્ઞાનનું માધ્યમ નહીં, પરંતુ ''ખેત બચાવો, પ્રાકૃતિક અપનાવો અને ખેડૂત સમૃદ્ધ બનાવો'' ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક પ્રેરણાદાયી પહેલ સાબિત થયો હતો.




### સિંહો દ્વાર થતાં હુમલાઓથી ફફડાટ

# હે રામ : સાવરકુંડલાનાં ઠવી ગામે પશુપાલક ઉપર સિંહે કર્યો હુમલો

## પશુપાલકને સારવારમાં ખસેડાયા



અમરેલી, તા. ૬

સાવરકુંડલા તાલુકાના ઠવી ગામમાં ગત રાત્રે સિંહ દ્વારા એક પશુપાલક પર હુમલો કરવામાં આવતાં આ વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. વરસાદી વાતાવરણ દરમિયાન ગામમાં ઘૂસી આવેલા સિંહે ઘરની ઓસરીમાં સુતેલા પશુપાલક પર અચાનક હુમલો કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ઠવી ગામના પશુપાલક રાજુ વાઘેલા ગઈકાલે પોતાના ઘરની ઓસરીમાં સુતા હતા. ત્યારે મધ્યરાત્રિ દરમિયાન સિંહે તેમના પર હુમલો કર્યો હતો. હુમલા બાદ તેમણે બૂમાબૂમ કરતાં પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવતાં સિંહ ત્યાંથી નાસી છૂટયો હતો.

હુમલામાં ઘવાયેલ રાજુ વાઘેલાના પગમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સાવરકુંડલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. તબીબોએ પ્રાથમિક સારવાર દરમિયાન તેમના પગમાં અંદાજે ૨૫ જેટલા ટાંકા લીધા હોવાનું જાણવા મળ્યું છે. હાલ તેમની સારવાર ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે, અમરેલી

અનુસંધાન પાના ૬ ઉપર

### દરરોજ હજારોની સંખ્યામાં વાહનોની અવરજવર ધરાવતો

# અમરેલી-સાવરકુંડલા વચ્ચેનાં માર્ગ ૨૦ ફૂટ જેટલો વચ્ચેથી તૂટી જતાં વાહન વ્યવહાર ઠપ્પ

## હાઈવે બે ભાગમાં વહેંચાઈ જતાં વાહનચાલકોમાં પણ આશ્ચર્ય ફેલાયું



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં ગઈકાલે પડેલા ધોધમાર વરસાદના કારણે માર્ગ વ્યવસ્થાને ભારે નુકસાન પહોંચાડયું છે. સાવરકુંડલા તાલુકાના ચરખડીયા ગામ નજીક અમરેલી-સાવરકુંડલા-રાજુલા નેશનલ હાઈવેનો આશરે ૨૦ ફૂટનો ભાગ ધસમસતા પાણીના પ્રવાહમાં ધોવાઈ જતાં હાઈવે બે ભાગમાં વહેંચાઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકથી માર્ગ સંપૂર્ણપણે બંધ હોવાથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં ગઈકાલે પડેલા ભારે વરસાદના કારણે અમરેલી-સાવરકુંડલા-રાજુલા નેશનલ હાઈવેને ભારે નુકસાન થયું છે. સાવરકુંડલા તાલુકાના ચરખડીયા ગામ નજીક ધસમસતા વરસાદી પાણીના પ્રવાહમાં હાઈવેનો આશરે ૨૦ ફૂટ જેટલો ભાગ વચ્ચેથી ધોવાઈ ગયો છે. જેના કારણે નેશનલ હાઈવે બે ભાગમાં વહેંચાઈ ગયો છે અને અમરેલીથી રાજુલા તથા સાવરકુંડલા તરફનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.

આ હાઈવે બંધ થતાં બંને તરફ નાના-મોટા વાહનોની લાંબી કતારો લાગી ગઈ છે. મુસાફરોને કલાકો સુધી રસ્તા પર અટવાઈ રહેવાની ફરજ પડી રહી છે. છેલ્લા ૨૪ કલાકથી હાઈવે બંધ હોવા છતાં માર્ગના સમારકામની કામગીરી શરૂ થઈ નથી, જેના કારણે વાહનચાલકો અને સ્થાનિકોમાં તંત્ર સામે રોષની લાગણી જોવા મળી રહી છે.

હાલ અમરેલીથી રાજુલા અને સાવરકુંડલા તરફ જતાં વાહનચાલકોને ચલાલા થઈને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે. જેના કારણે મુસાફરીનું અંતર અને સમય બંનેમાં નોંધપાત્ર વધારો થયો છે.

સ્થાનિકો અને વાહનચાલકોએ નેશનલ હાઈવે ઓથોરિટી તથા સંબંધિત તંત્રને તાત્કાલિક ધોરણે નુકસાન ગ્રસ્ત માર્ગનું સમારકામ શરૂ કરી હાઈવેને વહેલી તકે વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવાની માંગ કરી છે.

### મામલતદાર અનાજનો કાળો કારોબાર અટકાવવા મક્કમ

# વડિયા પંથકમાં દરીદ્રનારાયણનાં હકક-હિસ્સાનાં અનાજનું બારોબાર વેચાણ કરનાર સામે લાલ આંખ

## ૨૨૫ કિલો કરતાં પણ વધુ જથ્થામાં ઘઉં ચોખા ઝડપાયા



વડિયા, તા. ૬

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાના ચારણીયા રોડ પરથી બિન અધિકૃત રીતે અનાજનો જથ્થો પસાર થતો હોવાની બાતમીના આધારે વડિયા મામલતદારની ટીમે તેનો પીછો કરીને તેને રોકાવી જરૂરી માહિતી માંગતા તે ના હોય. ત્યારે આ બિન અધિકૃત અનાજનો જથ્થો, રીક્ષા અને વજન કાટો મામલતદાર ઓફિસે લાવી તેમની પર નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ જથ્થાને વડિયા સરકારી ગોડાઉન ખાતે જયારે રીક્ષાને સોંપવામાં આવી હતી. આ બિન અધિકૃત જથ્થા સાથે ઝડપાયેલ શખ્સ ઈબ્રાહીમ મુસા માલવિયા અગાઉ પણ આ રીતે બિન અધિકૃત અનાજના જથ્થા સાથે ઝડપાયેલ હોવાનુ સામે આવ્યુ હતુ. ત્યારે આ બિન અધિકૃત અનાજનો જથ્થો બાબતે તપાસ કરતા સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ આ જથ્થો સસ્તા અનાજની દુકાનોમાંથી જે ગ્રાહકો માલ ખરીદ કરે છે તેમની પાસેથી ખરીદ કરીને અન્ય હોલસેલર વેપારીઓને સપ્લાય કરતા હોવાનુ જાણવા મળ્યું હતુ. ત્યારે આવા બની બેઠેલા ગરીબો જે સરકારી સસ્તા અનાજની દુકાનોમાંથી મફત અનાજ મેળવી નાણાં મેળવી વેચે છે અને સરકારને અનાજ રૂપી ચૂનો લગાવે છે. ત્યારે આવા બની બેઠેલા ગરીબો જે સાચા અનાજ માફિયાઓ છે તેમની સામે પણ કાયદાકીય કાર્યવાહી કરવી જરૂરી બને છે. જો આ બિન અધિકૃત

અનુસંધાન પાના ૬ ઉપર






















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)